₹ २०/-

## સાધનાની બાળપોથી

## ભાગ–૨



# પ્રભુ અર્પણ

માર્ચ - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

હૃદય-કેન્દ્રમાં એકાગ્રતાની શક્તિ દ્વારા હૃદય-કેન્દ્રને ખુલ્લું કરવું અને અભીપ્સા, પ્રેમ, ભક્તિ અને સમર્પણની શક્તિ દ્વારા આત્માને ઢાંકી રાખતો, છુપાવી રાખતો પડદો દૂર કરવો અને ચૈત્ય પુરુષને અગ્રભાગે સ્થિત કરી મન, પ્રાણ અને શરીરનું નિયમન કરવું અને એ સર્વ કરણોને ઈશ્વર પ્રતિ પૂરેપૂરી રીતે અભિમુખ કરવાં અને એ અભિમુખતાનો વિરોધ કરતી સર્વ વસ્તુઓને દૂર કરી દેવી. આ વસ્તુને આપણા યોગમાં ચૈત્ય રૂપાંતર તરીકે ઓળખવામાં આવે છે.

શ્રી અરવિન્દ

(CWSA 29 : 307)

પૂર્ણયોગની નિર્ણયાત્મક ઘડીઓમાંની એક એ છે કે ચૈત્ય પુરુષ મુક્ત બનીને, પડદા પાછળનો નિવાસ ત્યજીને આગળના ભાગમાં આવીને પોતાના ભાવિ–ભણકારા, દર્શનો અને આવેગોનાં પૂરને આપણા મન, પ્રાણ અને શરીર ઉપર પૂરબહારમાં રેડી શકે અને પાર્થિવ પ્રકૃતિમાં દિવ્યતાના મંડાણની તૈયારી શકી શકે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

માર્ચ – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : 03

# અનુક્રમ

## સાધનાની બાળપોથી – ભાગ–૨


**શ્રી અરવિન્દની શબ્દસુધા**

એક મધ્યસ્થ મુક્તિદાયી જ્ઞાન - સતત આંતર સ્મરણ ૦૬

આદ્યાશક્તિનાં રહસ્યો ૦૬

તમારી પાસે આ ત્રણ વસ્તુઓ હોવી જ જોઈએ ૦૮

સૌથી ઝડપી, વિશાળ અને મહત્તર પદ્ધતિ - ગીતામાં રજૂ થઈ છે ૦૯

રૂપાંતરકારી ત્રણ આંતર ગતિવિધિઓ ૧૧

ખોટો આત્મા અને સાચો આત્મા ૧૧

સાધનાના મૂળભૂત તર્કસંગત નિયમ ૧૩

ચૈત્યપુરુષનું પ્રકટીકરણ : અનિવાર્ય આવશ્યકતા ૧૫

રોજબરોજની સાધનામાં માર્ગદર્શન ૧૯

*

**શ્રી માતાજીની શબ્દસુધા**

એક ક્ષણ માટે પણ આ ભૂલશો નહિ ૨૨

આરંભ બિંદુ ૨૩

હે પ્રભુ ! મને મારી જાતથી મુક્ત કર ૨૪

આધ્યાત્મિક પુનર્જન્મ - કર્મ માટે સ્વતંત્રતા. ૨૬

મનને શાન્ત કઈ રીતે કરવું ? ૨૭

પોતાની પ્રકૃતિનું પરિવર્તન કરવું ૨૯

*

સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ ૩૧

વૃત્ત વિશેષ ૪૦

FORM IV ૪૨



શ્રી અરવિન્દ કરુણાની અભિવ્યક્તિ હતા.... એમનાં ચક્ષુઓમાં આ કરુણા નિહાળી શકાય છે, ખરેખર, એમનાં ચક્ષુઓ કરુણાસભર હતાં.

**શ્રી માતાજી**

**(Conversation With A Disciple. Dec. 7, 1966)**

# એક મધ્યસ્થ મુક્તિદાયી જ્ઞાન
## (સતત આંતર સ્મરણ)

આ યોગમાં આપણે આપણા અંતરમાં સતત સ્મરણ રાખવું પડે છે (અને એ જ્ઞાનને જો આપણે આપણાં કર્મો દ્વારા સતત વ્યક્ત કરતાં જઈએ તો તેથી એ સ્મરણને દૃઢ કરવામાં આપણને સહાય પણ થાય છે). સર્વમાં એક જ પરમાત્મા છે, અને એક જ પ્રભુ સર્વસ્વ છે : સર્વે પ્રભુમાં છે અને સર્વે પ્રભુ જ છે અને વિશ્વમાં પ્રભુ સિવાય બીજું કાંઈ નથી : આ ભાવના એ જ કર્મયોગના સાધકની ચેતનાનું સમગ્ર દ્રવ્ય ના બની રહે ત્યાં સુધી તેને એક માન્યતા તરીકે કે એક શ્રદ્ધા તરીકે તેણે સતત સ્મરણમાં રાખવી પડે છે. આવું સ્મરણ અને આવું, આપ મેળે જ આગળ વધ્યે જતું ધ્યાન છેવટે તો એ જ પ્રભુનું એક વણઅટક્યું અને ગહન દર્શન તથા એની જ એક સુસ્પષ્ટ અને વિશાળ ચેતના થઈ જવી જોઈએ (અને થઈ જ જાય છે) – એ જ પ્રભુનું દર્શન અને ચેતના કે જેનું આપણે આવું તો સતત ધ્યાન ધરી રહ્યાં હોઈએ છીએ. કારણ કે એ સ્મરણ અને ધ્યાનના પરિણામે આપણે હર ઘડી યાદ કરતાં હોઈએ છીએ આપણી સમગ્ર જાત, સંકલ્પ અને કર્મોનાં એ આદિમૂળને; અને આ સર્વ નાનાવિધ ઘાટ અને ઘટનામાં વ્યાપી જઈને અને તેમને વટાવી જઈને આપણે એ સર્વના કારણરૂપને અને ધારણ કરનારને પોતાને જ પહોંચી જઈએ છીએ. આ રસ્તે આગળ વધતાં આખરે આપણને સર્વત્ર દેખાવાનો પરમાત્માનો જ હાથ, સ્પષ્ટ અને જીવંત, ભૌતિક આંખથી દેખાય તેવો જ વાસ્તવિક. અને આ માર્ગ છેવટે જે શિખર પર પહોંચાડે છે. તે છે : અતિમાનસિક અને પરાત્પર ચેતનાના સાંનિધ્યમાં સતત જીવન, ચિંતન, સંકલ્પ અને કાર્ય.

(યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ : ૧ : પૃ. ૧૨૯)

*

**આદ્યા શકિતનાં રહસ્યો**

**પ્રશ્ન :** ''એક, આદ્યા, પરાત્પર શક્તિ, **મા** ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે.' (મા - પૃ. ૩૭)

આ જ રીતે **પરમ ઈશ** પોતાની સનાતન ચેતનામાં શ્રી માતાજીને, મા ભગવતીને ધારણ કરી રહ્યા છે એમ કહી શકાય?

**ઉત્તર :** સર્વ પ્રશ્નોથી પર.

**પરમ ઈશ** અને **મા** ભગવતી બંને તત્ત્વતઃ અને આવિર્ભાવમાં **એક** જ છે.

૫ ડિસેમ્બર, ૧૯૬૮

*

**પ્રશ્ન :** શું અહંકાર પોતાના જ લોપ માટે સહમતી ન આપી શકે ?
**ઉત્તર :** અહંકારનું સર્જન વ્યક્તિકરણ માટે કરવામાં આવ્યું હતું. એ કાર્ય જ્યારે સિદ્ધ થઈ ગયું છે ત્યારે અહંકાર પોતાના વિઘટનનો સ્વીકાર કરે તે અસામાન્ય ન કહેવાય.

૭ ડિસેમ્બર, ૧૯૬૮

*

**પ્રશ્ન :** '**મા**', સ્વામિત્વની માનવીય ખુશી એ શેની વિકૃતિ છે ?
**ઉત્તર :** સર્વ ખુશી એ છે વિકૃતિ, અહંકારી મર્યાદાથી થતી વિકૃતિ, એ વિકૃતિ હોય છે આનંદની. (CWSA 16 : 389)

*

મા ભગવતી આ સઘળાં વિશ્વોનું નિયમન પોતે ઊર્ધ્વમાં રહીને કરે છે એટલું જ નહિ પણ આ નીચેના ત્રિલોકમાં પણ તે અવતરણ કરે છે. બિનંગતપણે જોતાં, અહીં આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું, અવિદ્યાનાં કાર્યો પણ, મા ભગવતીનાં જ સ્વરૂપો છે, સઘળું સર્જન તેનું જ છે, પરંતુ ઊતરતા પ્રકારના સત્ત્વથી ઘડેલું છે. સઘળું મા ભગવતીનું જ પ્રકૃતિ-શરીર અને એની જ પ્રકૃતિ-શક્તિ છે. અને એ બધાંની હસ્તી નભી રહી છે એનું કારણ એ છે કે અનંત બ્રહ્મની અનંત શક્યતાઓમાં રહેલી કોઈ અનિર્વચનીય વસ્તુને પાર પાડવા માટે પરમ ઈશના અકળ આદેશથી પ્રેરાયલી મા ભગવતીએ પોતે મહાન આત્મત્યાગ કરવાની અનુમતિ આપી છે અને અવિદ્યાનાં રૂપોને અને જીવોને પોતે જ એક બુરખા પેઠે ધારણ કરી લીધાં છે. એ અવૈયક્તિક આવિર્ભાવ ઉપરાંત, વ્યક્તિ રૂપે પણ તેણે અહીં અંધકારની નિમ્ન ભૂમિકામાં ઊતરવાનું સ્વીકાર્યું છે જેથી કરીને પોતે તમસને પાછું જ્યોતિ પ્રત્યે લઈ જઈ શકે, આ જગતના અસત્ય અને સ્ખલનમાં તે ઊતરી છે જેથી કરીને પોતે તેનું સત્યમાં પરિવર્તન કરી શકે, આ મૃત્યુલોકના જીવનમાં આવી છે જેથી કરીને દિવ્ય જીવનમાં તેને રૂપાંતર પમાડી શકે, આ દુઃખરૂપ સૃષ્ટિમાં—વિશ્વની વ્યથામાં,—એના દુરાગ્રહી શોકમાં અને સંતાપમાં તેણે પ્રવેશ કર્યો છે, જેથી કરીને તેને પોતાના દિવ્ય ભવ્ય આનંદની રૂપાંતર સાધનારી પરાકાષ્ઠામાં લય પમાડી શકાય. પોતાનાં સંતાનો પ્રત્યેના ગૂઢ અને વિશાળ વાત્સલ્યથી પ્રેરાઈને મા ભગવતી પોતે આ પૃથ્વીની તમોગ્રસ્તતાનો અંચળો ધારણ કરવાને સંમત થઈ છે, તમસ અને અસત્યની પ્રભુવિરોધી શક્તિઓના હુમલાઓ ઝીલવાની અને એમની દારુણ સંતાપ આપનારી છાયાઓ સહન કરવાની તેણે કૃપા કરી છે, જે જન્મ પોતે મૃત્યુનું જ સ્વરૂપ છે તેના દ્વારમાં થઈને પસાર થવાની યાતના તેણે સહન કરી છે, એણે આ સૃષ્ટિનાં દુઃખ, વ્યથા, શોક સંતાપ, ક્લેશો પોતાના ઉપર લઈ લીધાં છે, કારણ કે એ પ્રમાણે કરવાથી જ આ સૃષ્ટિને પાછી જ્યોતિ, આનંદ, સત્ય અને શાશ્વત જીવન પ્રત્યે ઊર્ધ્વમાં પહોંચાડી શકાય તેમ છે એમ તેની દિવ્ય દૃષ્ટિમાં જોવામાં આવ્યું હતું. ('મા'-પુસ્તિકા : ૪૫થી ૪૭)

*

# તમારી પાસે આ ત્રણ વસ્તુઓ હોવી જ જોઈએ

જો તમારે આ રૂપાંતર પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વગર કે ખોટાં બહાનાં કાઢ્યા વિના તમારી જાતને મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં સોંપી દો. અને તમારા અંતરમાં તેને પોતાનું કામ નિર્વિઘ્નપણે કરવા દો. તમારામાં ત્રણ વસ્તુઓ હોવી આવશ્યક છે : સચેતનતા, નમનીયતા અને અશેષ સમર્પણ. તમારે તમારા મનમાં, અંતરાત્મામાં, તથા હૃદયમાં અને પ્રાણમાં, છેક તમારા શરીરના અણુએ અણુમાં–પ્રત્યેક કોષમાં–સચેતન બનવું જોઈએ, તમારામાં મા ભગવતી અને તેની શક્તિઓનું તથા તમારામાં થઈ રહેલા તેમના કાર્યનું તમને ભાન થવું જોઈએ. કારણ કે તમારી અજ્ઞાનાવસ્થામાં તેમ જ તમારા અચેતન ભાગોમાં અને અજ્ઞાની ક્ષણોમાં પણ મા ભગવતી કાર્ય તો કરી શકે છે, અને કરતી પણ હોય છે, છતાં પણ તમે મા ભગવતી સાથે જાગ્રત અને જીવંત સંબંધમાં હો તો એ કાર્યમાં ઘણો ફેર પડી જાય છે. તમારી સમગ્ર પ્રકૃતિ મા ભગવતીના સ્પર્શથી ઘડાવાને તત્પર એવી મુલાયમ થઈ જવી જોઈએ. એટલે કે આત્મસંતોષી અને અજ્ઞાની મન જે રીતે શંકાઓ, પ્રશ્નો અને વાદવિવાદ કરે છે તથા પોતામાં જ્ઞાનની જાગ્રતિનું અને પ્રકૃતિના રૂપાંતરનું–પરિવર્તનનું–પોતે જ શત્રુ બને છે તેવું તમે ન થવા દેશો. માનવમાં રહેલો પ્રાણ જેમ પોતાની જ વૃત્તિઓને વળગી રહેવાનો દુરાગ્રહ કરે છે, તથા હરેક દિવ્ય અસરની સામે પોતાની ઉચ્છૃંખલ કામનાઓ અને દુષ્ટ વૃત્તિઓને સતત વિરોધી તરીકે મૂક્યા જ કરે છે તેવું ન થવા દેશો. તેવી જ રીતે, માણસની સ્થૂલ ચેતના પોતાની અશક્તિ, જડતા અને તમસમાં ચોંટીને ચીટકી રહીને બાધા નાંખે છે, તથા પોતાનાં અજ્ઞાન અને ક્ષુદ્રતામાંથી મળતા રસને વળગી રહી પોતાના નિષ્પ્રાણ, સ્થૂલ એવા નિત્યના જીવનવ્યવહારની ઘટમાળમાંથી કે શુષ્ક આળસ કે તામસિક નિદ્રામાંથી એને આઘાત આપીને જાગ્રત કરનાર પ્રત્યેક સ્પર્શ સામે તે જે રીતે બુમરાણ કરી મૂકે છે તેમ તમે ન કરવા દેશો. તમારા બાહ્ય અને આંતર જીવનનું સર્વભાવે સમર્પણ થતાં તમારી પ્રકૃતિનાં સઘળાં કરણોમાં ઉપર જણાવી તેવી નમનીયતા – મુલાયમપણુ આવી જશે. ઊર્ધ્વ ભૂમિકામાંથી નીચે વહી આવતાં જ્ઞાન અને જ્યોતિ પ્રત્યે, શક્તિ અને સંવાદ પ્રત્યે, તથા સૌંદર્ય અને પૂર્ણતા પ્રત્યે તમારી જાતને ખુલ્લી રાખી શકશો તો તમારામાં સર્વત્ર સચેતનતા પ્રગટી ઊઠશે. તમારું સ્થૂલ શરીર પણ સચેતન બનશે, અને એની અન્નમય ચેતના, પ્રચ્છન્ન રૂપે ન રહેતાં, અતિમનસની – વિજ્ઞાનની ચેતના જોડે ઐક્ય અનુભવશે અને વિજ્ઞાનની શક્તિના પ્રવાહોને ઉપરથી, નીચેથી, અને ચારે બાજુથી પોતાની અંદર વ્યાપી જતા અનુભવશે અને એક પરમ પ્રેમ અને આનંદની અનુભૂતિ પામી રોમેરોમમાં પુલકી ઊઠશે. (‘મા’-પુસ્તિકા : ૭૩થી ૭૬)

# સૌથી ઝડપી, વિશાળ અને મહત્તર પદ્ધતિ–ગીતામાં રજૂ થઈ છે.

આમ ગીતાનો માર્ગ સૌથી વધારે ઝડપી, સૌથી વિશાળ, સૌથી મહાન છે. અહીં માનવના આત્માને પરમાત્મા કહે છે : ''તારું મન મારા ઉપર એકાગ્ર કર, તારી બુદ્ધિ મારા ઉપર પ્રતિષ્ઠિત કર : દિવ્ય પ્રેમ, સંકલ્પ અને જ્ઞાનની કોઈ પરમ જ્યોતિ એમના પર પ્રસારીને જે અસલ મૂળમાંથી એ વસ્તુઓ ઉદ્ભવેલી છે તેમાં હું એમને ઊંચકીને મૂકી આપીશ. આ મર્ત્ય જીવનથી પર થઈને તું મારામાં નિવાસ કરશે એ વિશે સંશય કરીશ નહીં. શાશ્વત પ્રેમ, શાશ્વત સંકલ્પ અને જ્ઞાનની જ્યોતિ અને શક્તિ તથા એના તીવ્ર, સઘન આવેશને પરિણામે માનવમાં રહેલો અમર આત્મા ઊર્ધ્વમાં ગતિ કરે છે તેને પાર્થિવ પ્રકૃતિની મર્યાદાઓમાં જકડી રાખનારી સાંકળ બંધનમાં રાખી શકતી નથી. આ માર્ગે પણ મુશ્કેલીઓ રહેલી છે એમાં શંકા નથી; કારણ કે ઉગ્ર રજોગુણી, અથવા તો, તમોગુણી ગુરુત્વાકર્ષણવાળી અધોગામી પ્રકૃતિ સર્વમાં રહેલી છે તે ઊર્ધ્વ ગતિનો વિરોધ કરે છે અને તેની સામે ઝઘડે છે તથા ઊર્ધ્વ ગતિ અને દિવ્ય આનંદની પ્રાપ્તિ કરાવનારી પાંખોને ઊઘડતી અટકાવે છે. પ્રભુની દિવ્ય ચેતના કોઈ મહાન દિવ્ય ક્ષણે, અથવા તો, પ્રશાંત અને ભવ્ય કાલના અંતરાલમાં એક આશ્ચર્ય પેઠે પ્રાપ્ત થઈ જાય તોપણ એકદમ કે સંપૂર્ણપણે, તેને ધારણ કરી શકાતી નથી, અથવા તો, ઇચ્છા પ્રમાણે તેને પાછી જાગૃત કરી શકાતી નથી. વળી પ્રભુના ઉપર ઘણી વાર સ્થિરતાપૂર્વક પોતાની ચેતનાને વ્યક્તિ એકાગ્ર પણ કરી શકતી નથી, એકાગ્ર કરીને સ્થિર રાખી શકતી નથી. પ્રભુની દિવ્ય જ્યોતિમાંથી દેશવટો ભોગવવાની લાંબી રાત્રિઓ હોય છે; કોઈ સમય, અથવા તો, કોઈ ક્ષણો એવી આવે છે જ્યારે વિદ્રોહ, શંકા અથવા તો નિષ્ફળતા સાધકની પ્રકૃતિમાંથી જાગે છે. પરંતુ તે છતાં, પ્રભુ સાથે યોગ કરવાના અભ્યાસ વડે અને અનુભૂતિને ફરીફરીને જાગ્રત કરવાથી સૌથી ઉચ્ચ સ્થિતિ,–બ્રહ્મની પરાત્પર સ્થિતિ,–સાધકમાં ધીમેધીમે વિકાસ પામે છે અને એની પ્રકૃતિને સ્થાયી ભાવે આવિષ્ટ કરે છે. પરંતુ મનની બહિર્મુખ ગતિમાં અતિ આગ્રહ અને સામર્થ્ય હોવાથી એ પ્રકારનો અભ્યાસ અતિશય મુશ્કેલી ભરેલું કાર્ય લાગે નહિ શું ? તો એ સિવાય પણ સાદો માર્ગ રહેલો છે : બધાં જ કર્મો કર્મના સાચા સ્વામી પ્રભુને ખાતર કરવાનો અભ્યાસ પાડવો. આથી કરીને બહાર જતી મનની પ્રત્યેક વૃત્તિ સાધકના અંતરમાં આધ્યાત્મિક સત્ય જોડે સંકળાશે અને ગતિની છેક વચ્ચોવચ પણ તેને શાશ્વત વાસ્તવિકતાનું સ્મરણ રહેશે અને પોતાના આધ્યાત્મિક મૂળ સાથે તેનો સંબંધ સ્થાપન થશે. ત્યાર પછી પ્રકૃતિને વશ માનવના અંતરમાં પુરુષોત્તમની સન્નિધિ ધીમેધીમે વધશે અને આખરે માનવની ચેતના તેની સન્નિધિથી પરિપૂર્ણ બનશે અને તે પોતે એક દેવતા તથા બ્રહ્મસ્વરૂપ થશે. સમગ્ર જીવન પ્રભુના સતત સ્મરણ રૂપ બની

રહેશે તથા પૂર્ણતા પણ ધીમેધીમે વધશે તથા માનવ આત્માના સમગ્ર પાર્થિવ અસ્તિત્વની પરમ શાશ્વત સાથે એકતા પણ સ્થાપન થશે.

પરંતુ એમ પણ બને કે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રભુનું સતત સ્મરણ કરવાનું તથા સર્વે કર્મોને તેના પ્રત્યે યજ્ઞરૂપે અર્પણ કરવાનું કાર્ય મર્યાદિત માનવ-મનની શક્તિને માટે અતિશય મુશ્કેલ નીવડે. કારણ કે વિસ્મરણ થતાં તે કેવળ કર્મ અને તેના બાહ્ય ઉદ્દેશ પ્રત્યે જ જુએ છે અને અંતરમાં જોવાનું તથા આપણી પ્રત્યેક ક્રિયાને આત્માની દિવ્ય વેદીના ઉપર અર્પણ કરવાનું ભૂલી જ જાય છે. એવી સ્થિતિ હોય તો એનો ઉપાય એ છે કે કર્મ કરતાં કરતાં પોતાના નિમ્ન પ્રાકૃતિક સ્વરૂપના ઉપર સંયમ રાખીને ફલની આશા વિના કર્મો કરવાં; એટલે કે સર્વ પ્રકારનાં ફળોનો અંતરથી ત્યાગ કરવો, તથા જે દિવ્ય શક્તિ કર્મનું સંચાલન ખરેખર કરતી હોય છે તેને કર્મનું ફળ અર્પણ કરી દેવું. અને છતાં એ શક્તિએ સાધકની પ્રકૃતિના ઉપર જે કર્મ કરવાની ફરજ મૂકી હોય છે તે તો કરવાનું હોય છે. કારણ કે એ ઉપાય વડે પ્રકૃતિમાં રહેલી બાધા મક્કમતાપૂર્વક ઓછી થતી જાય છે અને સહેલાઈથી દૂર પણ થઈ જાય છે. ત્યાર પછી પરમાત્માનું સ્મરણ કરવા માટે મન મુક્ત બને છે, અને પ્રભુની દિવ્ય ચેતનાની મુક્તિમાં તે સ્થાપિત થઈ શકે છે. આ અધ્યાયમાં ગીતા ક્રમેક્રમે ચડતા સામર્થ્યવાળી સાધનાની શ્રેણી આપે છે અને તેમાં એ નિષ્કામ કર્મયોગને સૌથી ઉચ્ચ સ્થાને મૂકે છે. યોગનો અભ્યાસ, એટલે સાધનાની અમુક પદ્ધતિને અમલમાં મૂકવી, અમુક પ્રયત્ન અને અનુભૂતિનું પુનરાવર્તન કરવું, એ એક મહાન અને સમર્થ વસ્તુ છે. પરંતુ અભ્યાસ કરતાં જ્ઞાન ચડિયાતું છે. એ જ્ઞાન એટલે જગતના દૃશ્ય સ્વરૂપની પાછળ જે સત્ય આવી રહેલું છે તેના પ્રત્યે ચિંતનશક્તિની સફળ અને જ્યોતિર્મય અભિમુખતા. એ ચિંતનાત્મક જ્ઞાનના કરતાં સત્યના ઉપર નીરવ અને સંપૂર્ણ એકાગ્રતા, એટલે કે ધ્યાન ચડે છે. એને પરિણામે સાધક આખરે એ સત્યમાં પોતાનું જીવન ધારણ કરે છે તથા પોતે સદા તેની સાથે એક થઈને રહે છે. કર્મનાં ફલનો ત્યાગ કરવો એ ધ્યાન કરવા કરતાં પણ વધારે સમર્થ સાધના છે, કારણ કે પ્રકૃતિમાં જે અશાંતિ અને ખળભળાટ થતો હોય છે તેનાં સર્વે કારણો એ અભ્યાસ દૂર કરી નાખે છે તથા આપોઆપ એક પ્રકારની અંતરની સ્થિરતા અને શાંતિ તે લઈ આવે છે અને સ્થાપન કરે છે. એ સ્થિરતા અને શાંતિ આધ્યાત્મિક જીવનના પાયા રૂપ છે જેના ઉપર પ્રતિષ્ઠિત થઈને પ્રશાંત આત્મા પોતાની આધ્યાત્મિક સંપત્તિમાં સંપૂર્ણ અને સલામત બને છે. ત્યાર પછી સાધકની ચેતના આરામ અનુભવે છે, સુખપૂર્વક પ્રભુમાં પોતાની એકાગ્રતા કરી શકે છે તથા કશી પણ અશાંતિ અનુભવ્યા વિના પૂર્ણતાની સીડી પર આરોહણ કરી શકે છે. એમ થાય ત્યારે જ જ્ઞાન, સંકલ્પ અને ભક્તિ એ ત્રણે ચેતનાની નક્કર સ્થિરતાની ભૂમિ ઉપર શાશ્વતીના આકાશમાં પોતાનાં શિખરોને ઊર્ધ્વમાં લઈ જઈ શકે છે. (ગીતા નિબંધો : ૪૭૯થી ૪૮૧)

# રૂપાંતરકારી ત્રણ આંતર ગતિવિધિઓ

પૂર્ણયોગની રીત છે : જીવનના કેન્દ્રમાંથી જ તેનું રૂપાંતર – અને નહિ કે તેનાં ક્રિયા-કર્મોનું બાહ્ય નિયમન. તેનાં આ આંતરિક, કેન્દ્રીય રૂપાંતર અને નવરચનાને સિદ્ધ કરવા માટે ત્રણ શરતો અનિવાર્ય છે; તેમાંની કોઈ એક એકલી નહિ પણ એ ત્રણેય જો સંયુક્ત થઈને કાર્ય કરે તો જ ઉદ્ધાર અને રૂપાંતરનું આ કાર્ય પાર પડે, સંપૂર્ણ સિદ્ધ થાય. તેમાં પહેલી વાત એ કે : આપણું અત્યારનું જીવન એ ઇચ્છાતત્ત્વની જ એક પ્રવૃત્તિ છે; એ ઇચ્છાતત્ત્વે પોતાના કેન્દ્રમાં ઇચ્છાતત્ત્વના આત્માની, કામનામય પુરુષની આપણી અંદર રચના કરી છે; આ કામનામય પુરુષ જીવનના સર્વ વ્યાપારોને પોતાની સાથે સાંકળે છે અને તેમનામાં અજ્ઞાની, અર્ધ-પ્રકાશિત અને મૂઢ યત્નનાં પોતાનાં દુઃખ દર્દ ભેળવે છે. દિવ્ય રીતે જીવવા માટે ઇચ્છાઓને દેશવટો આપવો જ જોઈએ અને તેમની જગ્યાએ એક વધારે વિશુદ્ધ અને દૃઢ ચાલક-શક્તિ સ્થાપવી જોઈએ; યાતનાગ્રસ્ત કામનામય પુરુષનું વિસર્જન અને તેની જગ્યાએ આપણી અંદર ગુપ્ત રહેલ સાચા પ્રાણમય પુરુષની નિશ્ચલતા, શક્તિ અને સુખનું સ્થાપન થવું જ જોઈએ. બીજી વાત : અત્યારના જીવનના ચાલક કે માર્ગદર્શક તરીકે, કેટલેક અંશે છે પ્રાણશક્તિનો આવેગ તો વળી કેટલેક અંશે છે મન; આ મન મોટે ભાગે તો હોય છે અબુધ પ્રાણવેગનો ગુલામ કે હજૂરિયો તો વળી કદીક, કાચી નજર તેમ જ કાચી શક્તિવાળો, ઉત્પાતિયો, ભોમિયો અને ઉપદેશક; દિવ્ય જીવન માટે તો આ મન કે પ્રાણાવેગ માત્ર કરણો જ હોઈ શકે; અને રસ્તાના દોરનાર કે દિવ્ય માર્ગદર્શક તરીકે તો ચૈત્ય પુરુષને જ સ્થાન મળવું જોઈએ. ત્રીજી વાત : અત્યારનું જીવન, માત્ર ભાગલા-વાદી અહમ્‌ના સુખાર્થે જિવાય છે; આ અહમ્‌નું વિસર્જન અનિવાર્ય છે, અને તેની જગ્યાએ સાચા આધ્યાત્મિક પુરુષને, જીવાત્માને સ્થાપવો જોઈએ અને દુનિયા પર આવેલા આ પ્રભુનું જ કાર્ય પાર પાડવા માટે જીવન જિવવાવું જોઈએ; જીવનતત્ત્વે પોતાની અંદર પ્રભુની પરમ શક્તિને જાગ્રત થતી અનુભવવી જોઈએ અને તેના હેતુને પાર પાડવા એક આજ્ઞાધારક કરણ બનવું જ જોઈએ. (યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ-૧ : પૃ. ૨૦૪-૨૦૫)

*

### ખોટો આત્મા અને સાચો આત્મા

એક બાજુ અગાધતા તો બીજી બાજુ અંધતાનો આ ગૂંચવાડો, આ વિરોધાભાસ થવાનું કારણ છે માણસની આ ભાવમય સત્‌તાનું બેવડુ બંધારણ કારણ કે માણસની ભીતરમાં આગળના ભાગે છે પ્રાણમય ભાવોનું હૃદય; એ છે પ્રાણીઓના હૃદય જેવું

જ પણ વિવિધ રીતે વિકસેલું. તેના ભાવોનું સંચાલન થાય છે અહમ્-ભર્યા આવેગો, અંધ અને સહજ આસક્તિઓ અને અપૂર્ણતાઓ, વિકૃતિઓ તથા નીચ હલકટતાઓથી ભરેલ પ્રાણની વૃત્તિઓની ખેલકૂદથી. અંધ અને પતિત પ્રાણશક્તિની વાસનાઓ, ઇચ્છાઓ, ગુસ્સાઓ, તીવ્ર કે ભયંકર માગણીઓ અથવા સંકુચિત લોભ અને હલકી ક્ષુલ્લકતાઓથી આ હૃદય ઘેરાએલું છે, તેમને કબજે થઈ પડેલું છે, અને આવી ચડતી આ કે તે વાસનાની ગુલામી કરી કરીને નીચલી કોટિમાં જઈ પડેલું છે. ભાવમય હૃદય અને ઇંદ્રિયોનાં સુખોની ભૂખવાળો પ્રાણ એ બેના આ મિશ્રણને પરિણામે માણસમાં કામનાઓની એક જૂઠી સત્તા રચાઈ ગએલી છે.  આપણી તર્કપ્રધાન બુદ્ધિ જેને અવિશ્વાસપાત્ર ગણે છે (અને તે વાજબી જ છે) અને જેની ઉપર પોતાનો કાબૂ રાખવાની જરૂર સમજે છે તે અણઘડ અને ખતરનાક તત્ત્વ આ જ છે (અલબત આ અપરિપક્વ અને હઠીલી પ્રાણપ્રકૃતિ ઉપર એ ખરેખર જે નિયંત્રણ અથવા તો સાણસા-પકડ સ્થાપવામાં સફળ થાય છે તે હંમેશાં ઢીલી અને ભ્રામક જ હોય છે). પણ માણસનો સાચો આત્મા કાંઈ આ ભાગમાં વસેલો નથી; એ તો છે સાચા, ન દેખાતા હૃદયમાં, અને ત્યાં પણ પ્રકૃતિની કોઈ એક પ્રકાશોજ્જવલ ગુફામાં સંતાએલો; જ્યાં દિવ્ય પ્રકાશ ચળાઈ આવે છે એવા એ પ્રદેશમાં તે છાનોમાનો એવો તો ઊંડે રહે છે કે ભાગ્યે જ કોઈને તેની હાજરી પણ વરતાય છે; કારણ કે આત્મા તો ભલે બધાયને હોય તોપણ ભાગ્યે જ કોઈ પોતાના સાચા આત્મા વિશે જાગ્રત હોય છે અથવા તેનો સીધો ધબકાર અનુભવતા હોય છે. ત્યાં જ પ્રભુનો નાનોશો અંશ નિવાસ કરે છે અને આપણી પ્રકૃતિના આ અંધારિયા પદાર્થના જથ્થાને ટેકવી રાખે છે; તેની જ આજુબાજુ ચૈત્ય પુરુષ, આપણી અંદરનો સાચો માનવી, સાકાર થએલો આપણો આત્મા, વિકાસ પામતો જાય છે. આપણો આ ચૈત્ય પુરુષ જેમ જેમ વિકાસ પામતો જાય છે અને જેમ જેમ આપણું હૃદય તેના ભાવિ–ભણકારાના અને ધબકારાના પડઘા પાડતું જાય છે તેમ તેમ આપણે આપણા આત્મા પ્રત્યે વધારે ને વધારે જાગ્રત થતાં જઈએ છીએ; 'ઊંચી જાતનાં પશુ' મટતાં જઈએ છીએ અને આપણી અંદરના દેવતાની ઝાંખી પામતા જઈએ છીએ; તે આપણને જે એક અગાધ જીવન અને ચેતનાનાં; અને દિવ્ય સંપત્તિ માટેની જે એક ભૂખનાં આંદોલનો મોકલે છે તેનો વધારે ને વધારે સ્વીકાર કરીએ છીએ. આ ચૈત્ય પુરુષ, મુક્ત બનીને, પડદા પાછળનો નિવાસ ત્યજીને, આગળના ભાગમાં આવીને પોતાના ભાવિ-ભણકારા, દર્શનો અને આવેગોનાં પૂરને આપણાં મન, પ્રાણ અને શરીર ઉપર પૂરબહારમાં રેડી શકે અને પાર્થિવ પ્રકૃતિમાં દિવ્યતાના બાંધકામની તૈયારી કરી શકે એ પૂર્ણયોગની નિર્ણયાત્મક ઘડીઓમાંની એક છે.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ-૧ : પૃ. ૧૭૩-૧૭૪)

*

# સાધનાના મૂળભૂત તર્કસંગત નિયમ

ઉપરની દિશામાંથી હૃદયમાં થતું સીધું સક્રિય અવતરણ ચૈત્ય પુરૂષને આગળ લાવવામાં મદદરૂપ થાય છે. પરંતુ એ અવતરણ હંમેશને માટે આ પ્રકારે આપોઆપ મદદરૂપ નથી થતું – હા, આ અવતરણ એને માટે સારી પરિસ્થિતિનું નિર્માણ જરૂર કરી આપે છે.

*

ચૈત્ય કેન્દ્રનું સીધું ઉદ્‌ઘાટન ફક્ત ત્યારે જ સરળ થાય છે કે જ્યારે અહંકેન્દ્રિતતા મોટેભાગે નહિવત થઈ ગઈ હોય અને શ્રી માતાજીને માટે હૃદયમાં દૃઢ ભક્તિભાવ સ્થાપિત થયો હોય. આધ્યાત્મિક વિનમ્રતા, આધીનતા અને નિર્ભરતાનો ભાવ હોવો એ પણ જરૂરી છે.

*

સામાન્ય રીતે ચૈત્ય પુરૂષ અંતરના ઊંડાણમાં રહેતો હોય છે. બહુ થોડા લોકો પોતાના અંતરાત્મા વિશે સભાન હોય છે... લોકો જ્યારે પોતાના અંતરાત્મા વિશે વાત કરતા હોય છે ત્યારે ખરેખર તેઓ પોતાના પ્રાણમય + મનોમય પુરૂષની અથવા તો કામનાઓના આભાસી આત્માની જ વાત કરતા હોય છે. ચૈત્ય પુરૂષ હંમેશા પાછળ રહેતો હોય છે અને જ્યાં શક્યતા હોય છે ત્યાં એ મન, પ્રાણ અને શરીર દ્વારા કાર્ય કરે છે.

... ચૈત્ય પુરૂષનું આગળ આવવું એનો અર્થ એ કે તે પડદા પાછળથી આગળ આવે. જાગ્રત ચેતનાના નિત્ય કર્મોમાં એની હાજરીની અનુભૂતિ થાય; તથા એની અસર મન, પ્રાણ અને શરીર સુદ્ધાં પર છવાઈ જાય. ચૈત્ય પુરૂષ મન, પ્રાણ અને શરીર પર અધિપત્ય જમાવી દે અને એમનું રૂપાંતર કરી નાખે. પછી સાધકને પોતાના આત્માની અનુભૂતિ થાય છે તેમ જ ચૈત્ય પુરૂષ એ જ એનું સાચું સ્વરૂપ છે એવો એને અનુભવ થાય છે. મન તેમ જ અસ્તિત્વના બીજા ભાગો પછી આ અંતરતમ પુરૂષના કેવળ કરણ બની રહે છે.

*

ચૈત્ય પુરૂષને આગળ લાવવા માટે સ્વાર્થીપણું અને માગણી (કે જે પ્રાણની લાગણીના આધારસ્તંભો છે) નો પરિત્યાગ થવો ઘટે – કમ સે કમ આ વસ્તુઓનો સ્વીકાર કદાપિ થવો જોઈએ નહિ.

*

કામનાઓનો પરિત્યાગ કરવામાં આવે અને એ કામનાઓ વિચાર, લાગણી અને

કાર્યોને દોરતી બંધ થઈ જાય તેમ જ સંપૂર્ણપણે સાચા આત્મસમર્પણની સતત અભીપ્સા રાખવામાં આવે તો સામાન્યતઃ ચૈત્ય પુરૂષ થોડા સમય પછી આપોઆપ આગળ આવી જાય છે.

*

સતત તેમજ સાચી અભીપ્સા, અને ઈશ્વર પ્રતિ અભિમુખ થવાનો સંકલ્પ જ ચૈત્ય પુરૂષને આગળ લાવવા માટેનાં ઉત્તમ સાધનો છે.

*

કેન્દ્રિય સત્તામાં  સમર્પણ માટેનો સંકલ્પ હોય તો ચૈત્ય પુરૂષ આગળ આવી શકે છે.

*

ભૂતકાળમાં કે વર્તમાનકાળમાં કરેલાં કર્મોમાંથી છૂટકારો મેળવીને ચૈત્ય અને આધ્યાત્મિક ચેતનામાં નિવાસ કરવા માટેનો સત્ય સંકલ્પ રાખવામાં આવે તો ભૂત કે વર્તમાનકાળમાં કરેલું કોઈ પણ કર્મ ચૈત્ય પુરૂષને આગળ આવતા રોકી શકતું નથી.

*

સાધકપોતાની સાધના સાથે થયેલા પ્રાણમય ઉદ્દેશોના મિશ્રણથી મુક્ત થઈ જાય અને શ્રી માતાજીને પોતાનું સરળ રીતે સાચું આત્મસમર્પણ કરી શકે તો જ ચૈત્ય પુરૂષ પૂર્ણપણે ઉદ્‌ઘાટિત થઈ શકે છે.

*

ચૈત્ય પુરૂષના પૂર્ણ ઉદ્‌ઘાટનની શરતો છે – શુદ્ધતા,  સરળ નિષ્ઠા, અને કોઈ પણ પ્રકારની માગણી કે દેખાવ વગર, અહંકારરહિત, શુદ્ધ આત્મસમર્પણ કરવાની ક્ષમતા. (Letters on Yoga, Vol-24, P. 1097, 99, 1100, 1101, 1098, 99)

*

*સાધનાના મૂળભૂત નિયમો રૂપે બે મુખ્ય વસ્તુઓ સુરક્ષિત કરવાની રહે છે– ચૈત્ય પુરુષ અભિમુખ થાય અને ઊર્ધ્વમાં રહેલ આત્માનો સાક્ષાત્કાર. ચૈત્ય પુરુષની અભિમુખતા માટે શ્રી માતાજી ઉપર એકાગ્રતા અને એમને આત્મસમર્પણ એ છે સરળ માર્ગ.*

***શ્રી અરવિન્દ***

(CWSA 30 : 320)

# ચૈત્ય પુરુષનું પ્રકટીકરણ–અનિવાર્ય આવશ્યકતા

જે રીતે માણસ પોતાના વિચાર કરતા મન અને સંકલ્પનો ઉપયોગ પોતાના પ્રાણમય આવેગોને કાબૂમાં રાખવા તથા એ આવેગોને સાચી દિશામાં વાળવા માટે કરી શકે છે તે જ રીતે એ પોતાનાથી ઉચ્ચતર કક્ષાની આલોકિત બુદ્ધિનો તેમ જ પોતાના અંતરમાં રહેલા આત્માનો – ચૈત્ય પુરૂષનો પણ ઉપયોગ કરી શકે છે. અને એ જેને એની પોતાની ઈચ્છાઓ તરીકે ઓળખાવે છે એ પ્રાણ તેમજ ઈન્દ્રિયોની હકૂમતને સ્થાને આ બે મહત્તર અને શુદ્ધ કરણોને સ્થાપિત કરી શકે છે.

માણસ ઈચ્છાઓ પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે અથવા તો એ ઈચ્છાઓને સમજાવીને એના રૂપાંતર અર્થે પ્રભુને સમર્પિત કરી દઈ શકે છે. આ ઉચ્ચ બુદ્ધિ અને અંતરમાં નિવસેલ ચૈત્ય પુરૂષ – માણસમાં રહેલું ચૈત્ય તત્ત્વ – એ બે એવા પકડ સ્થાનો છે કે જેના વડે ઈશ્વર માનવની પ્રકૃતિ પર પકડ જમાવી શકે છે.

*

જ્યાં સુધી આપણે આપણી માનસિક રચનાઓમાં, પ્રાણના આવેગોમાં અને અહંની ચઢવણીઓથી ઘેરાયેલાં હોઈએ છીએ – જે આપણને આભાસી અનુભૂતિઓના હાથમાં સહેલાઈથી ફસાવી દઈ શકે છે – ત્યાં સુધી આપણું સમર્પણ નિશ્ચિત રૂપનું હોતું નથી અને માર્ગદર્શનની પણ પૂરેપૂરી ખાતરી આપણે મેળવી શકતા નથી. અને આ જોખમનો પ્રતિકાર આપણી અંદર રહેલ આત્મા – ચૈત્ય પુરૂષના પ્રકટીકરણ દ્વારા જ માત્ર થઈ શકે એમ છે. આ ચૈત્ય પુરૂષ આપણી અંદર જ રહેલો છે પરંતુ સામાન્ય રીતે તે સક્રિય થયો હોતો નથી. એનો નેવું ટકા ભાગ આવૃત જ રહેતો હોય છે. આપણા અંતરની આ જ્યોતિને આપણે પ્રકટ કરવી જ રહી. કારણ કે જ્યાં સુધી આપણે અજ્ઞાનના ઘેરા વચ્ચે રહી મુસાફરી કરતાં હોઈએ અને ઋત ચેતનાએ આપણા પ્રભુપ્રાપ્તિના પ્રયત્નોને પૂર્ણપણે આલોકિત ન કર્યાં હોય ત્યાં સુધી અંતરની આ જ્યોતિ એજ એકમાત્ર આપણી રોશની છે.

*

આ નિગૂઢ ચૈત્ય પુરૂષ જો બહાર આવીને, સન્મુખ થઈ જઈને સકામ પુરૂષનું સ્થાન લઈ લે તેમજ મન, પ્રાણ અને શરીરની બનેલી આ બાહ્ય પ્રકૃતિનું સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે નિયમન કરે (પડદા પાછળ રહીને આંશિક રીતે નહિ) તો આ મન, પ્રાણ અને શરીરને સત્યમ્, શિવમ્, ને સુંદરમ્ના આંતર પ્રતિરૂપોમાં ઢાળી દઈ શકાય છે અને છેવટે સમગ્ર પ્રકૃતિને જીવનના સાચા ધ્યેય તરફ, પરમોચ્ચ વિજય તરફ લઈ જઈ એનું આધ્યાત્મિક સત્તામાં આરોહણ કરાવી શકાય છે.

*

ચૈત્ય પુરૂષ હંમેશાં હાજર હોય છે તેમ છતાં એની અનુભૂતિ ન થવાનું કારણ એ છે કે તે મન ને પ્રાણથી ઢંકાયેલો હોય છે. એ જ્યારે આમ ઢંકાયેલો નથી હોતો ત્યારે એ 'જાગૃત' છે એમ કહેવાય છે.

*

જ્યારે ચૈત્ય પુરૂષ જાગ્રત થાય છે ત્યારે તમે તમારા આત્મા વિશે સભાન બનો છો. તમને તમારા આત્માનું જ્ઞાન થાય છે. અને પછી તમે તમારી જાતને મનોમય પુરૂષ કે પ્રાણમય પુરૂષ સાથે જોડી દેવાની ભૂલ કરતાં નથી. એને (મન ને પ્રાણને) તમે અંતરાત્મા માની લેવાની ભૂલ પણ કરતાં નથી.

ચૈત્ય પુરૂષ જ્યારે જાગ્રત થાય છે ત્યારે એ આપણને ભગવાન પ્રત્યેની તેમ જ ગુરુ પ્રત્યેની સાચી ભક્તિનું પ્રદાન કરે છે. આ ભક્તિ મનોમય કે પ્રાણમય ભક્તિ કરતાં તદ્દન જુદી વસ્તુ છે.

*

ચૈત્ય પુરૂષ બાહ્ય દેખાવોથી છેતરાતો નથી અને આભાસોથી દોરવાઈ જતો પણ નથી. જૂઠાણાથી એ નિરુત્સાહ થતો નથી તેમ જ એ સત્યની અતિશયોક્તિ પણ કરતો નથી. દા.ત. એની આસપાસનું સર્વ કાંઈ એમ જણાવે કે 'ભગવાન જેવું કંઈ છે નહિ' તો એ એને માનતો નથી અને જણાવે છે કે 'મને ખબર છે (કે ભગવાન છે) અને હું જાણું છું કારણ કે મને અનુભવ થયો છે.'

(SABCL 20 : 73, 129, SABCL 18 : 227, SABCL 24 : 1096, 1104)

*

આપણી અંદર રહેલું ચૈત્ય તત્ત્વ એક એવી સત્તા છે જેનું પ્રકટીકરણ પરમાત્મામાંથી થયું છે અને એ પરમાત્મા સાથે સીધા સંપર્કમાં હોય છે. એના મૂળ સ્વરૂપે એ દિવ્ય શક્યતાઓથી સભર એક એવું કેન્દ્ર છે જે મન, પ્રાણ અને શરીરની નિમ્ન ત્રિવિધ અભિવ્યક્તિને સહારો આપે છે. દરેક જીવંત પ્રાણીમાં આ દિવ્ય તત્ત્વ સમાયેલું છે, પરંતુ એ સામાન્ય ચેતનાના આવરણ તળે ઢંકાયેલું રહે છે. આરંભમાં તો આ તત્ત્વનો વિકાસ પણ થયો હોતો નથી અને જો વિકાસ થયો હોય છે તો તે સદાને માટે સન્મુખ પ્રકટ થયું હોતું નથી, માટે જ એનાં કરણોની અપૂર્ણતાઓ એમની પોતાની મર્યાદા અને સાધનો દ્વારા એને જેટલા પ્રમાણમાં વ્યક્ત થવા દે છે તેટલા જ પ્રમાણમાં આ તત્ત્વ અભિવ્યક્ત થતું હોય છે. પછીથી ઈશ્વરલક્ષી અનુભૂતિઓ દ્વારા આ તત્ત્વ પોતાની ચેતનામાં વિકાસ સાધે છે તથા જેમ જેમ આપણી ચેતનામાં ઉચ્ચ ક્રિયાઓનું નિર્માણ થતું જાય છે તેમ તેમ એ તત્ત્વ બળ પ્રાપ્ત કરતું જાય છે. અને છેવટે આ ગભીરતમ અને ઉચ્ચતમ ક્રિયાઓનો સંચય થતાં એક ચૈત્ય વ્યક્તિતાનો વિકાસ થાય છે – આ વ્યક્તિતાને આપણે ચૈત્ય પુરૂષ કહીએ છીએ.

*

આપણા યોગમાં 'કેન્દ્રિય સત્‌તા' શબ્દપ્રયોગ સામાન્ય રીતે આપણી અંદર વસેલા ભગવાનના એ અંશને માટે કરવામાં આવે છે કે જે અંશ આપણા બાકીના ભાગોને સહારો આપે છે તેમ જ જન્મ અને મૃત્યુમાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

આ કેન્દ્રિય સત્‌તાનાં બે સ્વરૂપો છે – ઉપરની અવસ્થામાં એ જીવાત્મા સ્વરૂપે છે, જે આપણું સાચું સ્વરૂપ છે અને જ્યારે આપણને ઉચ્ચતમ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ આપણે એના વિશે સભાન બની શકીએ છીએ – નીચે એ ચૈત્ય પુરૂષ સ્વરૂપે છે, જે મન, પ્રાણ અને શરીરની પાછળ સ્થિત થયેલ છે.

જીવાત્મા જીવનમાં થતા આવિર્ભાવથી પર છે અને એ એનું સંચાલન કરે છે; ચૈત્ય પુરૂષ જીવનમાં થતા આવિર્ભાવની પાછળ રહે છે અને એને આધાર આપે છે.

(SABCL 22 : 288, 265)

*

ચૈત્ય પુરૂષ પરમાત્મામાંથી, બ્રહ્મમાંથી પ્રકૃતિમાં આવ્યો છે અને પ્રકૃતિથી વિમુખ થઈ જઈને આત્માની શાંતિ અને ઉચ્ચ આધ્યાત્મિક અવિચળતા દ્વારા પાછો બ્રહ્મમાં પહોંચી જઈ શકે છે. એ પરમાત્માનો સનાતન અંશ છે.[૧] (ગીતા-૧૫.૭) અને આ અંશ અનંતતાના નિયમાનુસાર એ જેનો દિવ્ય અંશ છે તે દિવ્ય અંશીથી અલગ થઈ શકતો નથી.

...આ અંશ અહીં, આપણી આ અજ્ઞાન પ્રકૃતિના પુંજમાં ઘેરાયેલું એક નાનું સરખું બિંદુ છે. એટલા માટે જ ઉપનિષદ્‌માં એને માણસના અંગૂઠાના કદ જેટલો વર્ણવવામાં આવ્યો છે. આધ્યાત્મિક ભરતી દ્વારા એ પોતાનો વિસ્તાર સાધી શકે છે અને પોતાના કરણ (હૃદય ને મન) દ્વારા સમગ્ર વિશ્વ સાથે અંતરંગ સંબંધ તેમ જ ઐક્ય સાધીને સમગ્ર વિશ્વને પોતાનામાં સમાવી લઈ શકે છે.

**શ્રી અરવિન્દ**

(The Life Divine, Vol. 18, PP. 219, 227 & 228)

*

ચૈતસિકરણ એટલે નિમ્ન પ્રકૃતિનું પરિવર્તન, મનમાં યોગ્ય દર્શન લઈ આવવું, પ્રાણ-શક્તિમાં યોગ્ય આવેશ અને લાગણી, શારીરિકમાં યોગ્ય હિલચાલ અને ટેવ – આ સર્વ ઈશ્વર પરત્વે અભિમુખ થયેલાં હોય. સર્વનો આધાર હોય પ્રેમ, આરાધના ભક્તિ અને છેવટે સર્વત્ર સર્વમાં અને હૃદયમાં શ્રી માતાજીનું દર્શન અને એમનો ભાવ, શ્રી માતાજીની શક્તિ સ્વરૂપમાં કાર્ય કરતી થાય અને શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિનો વિકાસ થાય. (CWSA 30 : 281)

*

---

૧ ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।

કેન્દ્રસ્થ પુરુષ : આપણા યોગમાં 'કેન્દ્રસ્થ પુરુષ' એ શબ્દો આપણી અંદર રહેલા ભગવાનના અંશ માટે સામાન્ય રીતે વપરાય છે; એ પુરુષ બીજા બધા ભાગોને આધાર આપતો રહે છે અને જન્મ તથા મરણમાં થઈને પસાર થતો થતો તે ટકી રહે છે. આ કેન્દ્રસ્થ પુરુષનાં બે સ્વરૂપો છે, – એનું એક સ્વરૂપ ઊર્ધ્વમાં જીવાત્મા રૂપે છે, એ આપણું સત્ય સ્વરૂપ છે અને જ્યારે આપણને ઊર્ધ્વ આત્મજ્ઞાન મળી આવે છે ત્યારે આપણે તેને વિશે સચેતન થઈએ છીએ; બીજું સ્વરૂપ નીચે છે તે ચૈત્ય પુરુષ છે, અને તે મન, પ્રાણ અને શરીરની પાછળ રહે છે. જીવાત્મા જીવનમાં થતા આવિર્ભાવથી પર અને તેના ઉપર અધ્યક્ષ તરીકે કામ કરે છે; ચૈત્ય પુરુષ જીવનમાં થતા આવિર્ભાવની પાછળ રહે છે અને તેને આધાર આપે છે.

*

**અભીપ્સા અને ચૈત્ય પુરુષ**

અભીપ્સા હંમેશાં લગભગ ચૈત્ય પુરુષની જ અભિવ્યક્તિરૂપ હોય છે – આપણી અંદરનો એ અંશ દિવ્ય કેન્દ્રની આસપાસ સંગઠિત થયેલો હોય છે, માનવસ્વરૂપોમાં ઊંડે પ્રજ્વળિત નાનીસરખી દિવ્ય જ્યોત એ છે ચૈત્ય પુરુષ. આ દિવ્ય જ્યોત પ્રત્યેક માનવસ્વરૂપના અંતરમાં રહેલી હોય છે. અને ધીરે ધીરે, સર્વ જન્મો દરમિયાન, કર્મો દ્વારા અને એ રીતે અનુભવો મેળવી એક સ્વરૂપ એ જ્યોતની આસપાસ આકાર ધારણ કરતું હોય છે. એ સ્વરૂપને થેંઓ 'ચૈત્ય પુરુષ' તરીકે ઓળખાવે છે. અને ચૈત્ય પુરુષ જ્યારે પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરી લે છે ત્યારે એ એક પ્રકારનું શારીરિક અને વૈયક્તિક એવું આત્માનું વસ્ત્ર બની રહે છે. આત્મા છે પરમાત્માનો અંશ – જીવ એ છે વ્યક્તિગત રૂપમાં રહેલ પરમાત્મા. અને પરમાત્મસ્વરૂપ માત્ર એક જ હોવાથી, જીવ પણ એક જ છે, પણ એનાં લાખો કરોડો વ્યક્તિગત રૂપો હોય છે. આ જીવ આરંભ કરે છે દિવ્ય તણખા તરીકે – અવિકારી, શાશ્વત અને અનંત પણ (અનંત શક્યતારૂપે, પરિમાણમાં નહિ) અને બધા જન્મો દરમિયાન દિવ્ય અસરમાંનું જે કંઈ ગ્રહણ કરવામાં આવ્યું હોય, જેને પણ પ્રતિભાવ આપવામાં આવ્યો હોય તે ક્રમિકપણે જીવ આસપાસ આકાર ધારણ કરતું જાય છે, મૂર્ત્ત સ્વરૂપ ધારણ કરે છે. જે મૂર્ત્ત સ્વરૂપ વધુને વધુ સભાનતા ધારણ કરતું જાય છે અને વધુને વધુ સુગઠિત થતું જાય છે. છેવટે એ પૂર્ણતયા સભાન એવું વ્યક્તિગત સ્વરૂપ ધારણ કરે છે. એ સ્વરૂપ પોતાનું સ્વામી હોય છે અને માત્ર દિવ્ય સંકલ્પ દ્વારા જ એનું નિયમન થતું હોય છે. એટલે કે એ હોય છે પરમાત્માની વ્યક્તિગત સ્વરૂપે અભિવ્યક્તિ. એને આપણે ચૈત્ય પુરુષ તરીકે ઓળખીએ છીએ.

(The Mother : Conversation with Disciple, July 25, 1962)

*

# રોજ–બરોજની સાધનામાં માર્ગદર્શન

કાર્ય કરતી વખતે શરૂમાં તમે હંમેશને માટે ઈશ્વરનું સ્મરણ રાખી શકતા ન હો તો એમાં બહુ વાંધા જેવું કંઈ છે નહિ.

કાર્યની શરૂઆતમાં ઈશ્વરનું સ્મરણ કરો તેમ જ તમારા કાર્યને સમર્પિત કરો અને કાર્યના અંતમાં ઈશ્વરનો આભાર માનો, અત્યારે તમારે માટે આટલું પૂરતું છે. વધુમાં કાર્ય જ્યારે વચ્ચે થંભી જાય ત્યારે સ્મરણ કરતા રહેવું. પરંતુ તમારી જે પદ્ધતિ છે તે મને અઘરી અને ત્રાસદાયક લાગે છે — તમારા મનના એક જ ભાગ વડે તમે કાર્ય કરવાનો અને સ્મરણ કરવાનો પ્રયત્ન કરતા હો એવું જણાય છે. એ શક્ય છે કે નહિ તે હું કહી શકતો નથી. લોકો જ્યારે કાર્ય દરમિયાન પણ સતત સ્મરણ કરતા હોય છે (એ શક્ય છે) ત્યારે સામાન્ય રીતે તેઓ તેમના મનની પાર્શ્વભૂમિકામાંથી એમ કરતા હોય છે. અથવા તો પછી ધીરે ધીરે તેમનામાં બેવડા વિચારની ક્રિયા કે બેવડી ચેતના સ્થાપિત થતી હોય છે - એમાંની એક, બાહ્ય ચેતના જે આગળ રહીને કાર્યમાં રત રહે છે અને બીજી, આંતર ચેતના જે દ્દષ્ટા બનીને સ્મરણ કરતી રહે છે. એક બીજી રીત પણ છે અને મેં પોતે એ રીત લાંબા સમય સુધી અપનાવી હતી — એક એવી અવસ્થા જેમાં કાર્ય આપોઆપ થતું રહે છે, વ્યક્તિગત વિચાર કે મનોમય ક્રિયા એમાં ભાગ લેતી નથી. અને ચેતના શાંત થઈને ઈશ્વરમાં સ્થાપિત થઈ જાય છે. જો કે આ અવસ્થા પ્રયત્નો કરવાથી પ્રાપ્ત નથી થતી પરંતુ એક સરળ અને સતત અભીપ્સા તેમ જ આત્મસમર્પણના સંકલ્પ વડે પ્રાપ્ત થતી હોય છે. અથવા તો બાહ્ય સાધનથી આંતર સત્તાને ચેતનાની ગતિ દ્વારા અલગ કરીને પણ આ અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે. અભીપ્સા અને આત્મસમર્પણના સંકલ્પથી એક મહત્તર શક્તિને કાર્ય કરવા માટે નીચે ઉતારી લાવવાની પદ્ધતિ ખૂબ જ મહાન પરિણામો મેળવી આપે છે. ઘણા લોકોમાં એમ થવામાં જો કે ઘણો લાંબો સમય જાય છે. સાધનાનું પરમ રહસ્ય એ છે કે મનના પ્રયત્નો દ્વારા બધું કરવાને બદલે ભીતર તેમ જ ઊર્ધ્વમાં રહેલી શક્તિ દ્વારા બધું કેવી રીતે કરાવી શકાય છે એ જાણી લેવું. આનો અર્થ હું એમ નથી કરતો કે મનના પ્રયત્નો બિનજરૂરી છે અથવા એ પ્રયત્નોનું કંઈ જ પરિણામ આવતું નથી — હું જે કહેવા માગું છું તે એ જ કે મન બધું જ જો એની શક્તિ દ્વારા કરવા જાય તો એ એક કષ્ટદાયક પ્રયત્ન થઈ પડે છે. આમાં આધ્યાત્મિક વીરોને અપવાદ ગણી શકાય. જોકે બીજી પદ્ધતિ જ ઇચ્છવા જોગ છે તેમ જ એ સરળ છે એમ પણ હું કહેવા નથી માગતો. મેં અગાઉ જેમ જણાવ્યું તેમ પરિણામ પ્રાપ્ત થવામાં લાંબો સમય લાગી પણ જાય. ધીરજ અને મક્કમ નિર્ધાર સાધનાની દરેક પદ્ધતિમાં જરૂરી છે. (SABCL : 23 : 529)

*

એક સાધકને મંત્રરૂપે આ પ્રાર્થના શ્રી અરવિન્દે લખી આપી હતી.

ૐ શ્રી અરવિન્દ મીરા

મારું મન, મારું હૃદય, મારી જીવન-શક્તિ આપના પ્રકાશ, પ્રેમ અને શકિત પરત્વે અભિમુખ કરો.

સર્વ વસ્તુઓમાં મને ઈશ્વરનું દર્શન થાઓ.

(CWSA : 22 : 511)

## એક અંતેવાસીની મનની મૂંઝવણ અંગે શ્રી અરવિન્દે કરેલી ચોખવટ

તમે ક્યાં છો? અહીં, શ્રી માતાજીની સંનિધિમાં અને મારી નજીક. તમે ક્યાં જઈ રહ્યાં છો? સમર્પણ અને સેવા દ્વારા ઈશ્વર સાથે ઐક્ય કેળવવા પ્રતિ. અહીં, આશ્રમમાં તમે શું કરો છો? ઈશ્વરની સેવા અને ઈશ્વરને આત્મ-સમર્પણ. અન્યનો આધાર, શ્રી માતાજીએ તમને જે લખી જણાવ્યું છે એના ઉપર રહે છે. સરળતા અને પૂર્ણતાપૂર્વક તમારું સમર્પણ તમે કરો, તમારી સેવાનું કાર્ય કરો એના પર અન્ય સર્વનો આધાર રહેલો છે.

(CWSA : 18 : 182-183)

*




**જેમણે છે કરી દષ્ટિ મારી ઉપર તે ફરી**

**દુઃખભાગી થશે નહીં.**

**અનુવાદ : શ્રી પૂજાલાલ** **ગુ.સાવિત્રી : પૃ. ૧૧૧૫**

# એક ક્ષણ માટે પણ આ ભૂલશો નહિ...

એક ક્ષણ માટે પણ આ ભૂલશો નહિ કે આ સર્વનું સર્જન પરમાત્માએ કર્યું છે અને પોતાની અંદરથી જ કર્યું છે. પરમાત્મા સર્વ વસ્તુમાં હાજર છે એટલું જ નહિ, તેઓ સર્વ કંઈ પણ છે. જે તફાવતો છે તે અભિવ્યક્તિમાં અને આવિર્ભાવમાં તમે આ હકીકત ભૂલી જાઓ તો તમે સર્વ કંઈ ગુમાવી બેસો છો.

**પ્રશ્ન :** શું ઈશ્વર સર્વ વસ્તુઓમાં રહેલા છે? કચરાપેટીમાં પણ?

**ઉત્તર :** સમગ્ર વિશ્વ એ છે ઈશ્વરનો આવિર્ભાવ, પણ એ આવિર્ભાવનો આરંભ થયો છે. પોતાના મૂળ વિશેની સંપૂર્ણ અભાનતા સાથે અને ધીરે ધીરે એ આગળ વધે છે આ ચેતના પ્રતિ. (CWM : 15 : 5)

માત્ર ઈશ્વર જ સાચા છે — બાકીનું સર્વ કંઈ જૂઠાણું છે. અને છતાં ઈશ્વર સર્વત્ર છે — પાપીમાં તેમ જ સંતમાં. ૭ એપ્રિલ ૧૯૫૮

માત્ર ઈશ્વર જ વાસ્તવિકતા છે — બાકીનું સર્વ કંઈ સ્વાર્થી લાગણીશીલતા છે. પણ ઈશ્વરનો પ્રેમ સર્વત્ર અને સર્વ વસ્તુમાં છે. ૧૪ એપ્રિલ ૧૯૫૮

(White Roses, 1973, ed.p. 39)

શારીરિક ભૂમિકાએ ઈશ્વર પોતાની અભિવ્યક્તિ સૌન્દર્ય દ્વારા કરે છે. મનોમય ભૂમિકાએ જ્ઞાન દ્વારા, પ્રાણમય સ્તરે શક્તિ દ્વારા તથા ચૈત્ય ભૂમિકાએ પ્રેમ દ્વારા.

આપણે જ્યારે ચેતનામાં પૂરતી ઊંચાઈએ આરોહણ કરીએ છીએ. ત્યારે આપણે એ સમજ પ્રાપ્ત કરીએ છીએ કે આ ચાર પાસાંઓ એકબીજામાં એક થઈ જાય છે, એકાકી ચેતનામાં એ ચારેય એકત્વ પામે છે. એ એકાકી ચેતના પ્રેમસભર હોય છે, તેજસ્વી હોય છે, શક્તિશાળી હોય છે, સર્વને એ સમાવતી હોય છે, સર્વને આવરી લેતી હોય છે.

(CWM : 15 : 06)

વસ્તુમાત્રનું ચોક્કસ સત્ય શું છે તે અહીં કોઈ પણ જાણતું નથી. અને દરેક વ્યક્તિ વાત એ રીતે કરે છે કે તે જાણે છે. પણ વાસ્તવિકતામાં કોઈ પણ કશું જાણતું નથી હોતું.

જો સત્ય એક દિવસ સર્વ સમક્ષ પ્રકટ કરવામાં આવે તો અહીં મોટા ભાગના લોકો પોતાના અજ્ઞાનની વિશાળતાથી તેમ જ પોતાના ખોટા અર્થઘટનથી ભયભીત બનશે.

એટલે સર્વને હું શાન્તિ જાળવવાની સલાહ આપું છું અને સર્વ પ્રકારના નિર્ણયો બાંધવાથી દૂર રહેવા જણાવું છું.

૨૨ માર્ચ ૧૯૬૭ **શ્રી માતાજી**

(White Roses, 1973, ed.p. 39)

# આરંભબિંદુ

શ્રી અરવિન્દ આપણને કહેવા આવ્યા છે કે ''સત્યને શોધવા માટે પૃથ્વીનો ત્યાગ કરવાની જરૂર નથી, આત્માને જાણવા માટે જીવનનો ત્યાગ કરવાની જરૂર નથી, ભગવાન સાથે સંપર્કમાં પ્રવેશવા માટે જગતનો ત્યાગ કરવાની અથવા મર્યાદિત માન્યતાઓ રાખવાની જરૂર નથી. ભગવાન સર્વત્ર સર્વ વસ્તુઓમાં છે. જો તે નિગૂઢ હોય, તો તેનું કારણ એ છે કે આપણે તેમનો સાક્ષાત્કાર કરવાની જહેમત ઉઠાવતા નથી.''

માત્ર સાચા દિલની અભીપ્સાથી આપણે આપણામાંનું બંધ બારણું ખોલી દઈ શકીએ છીએ, અને એવી કોઈક વસ્તુ ખોળી કાઢી શકીએ છીએ, કે જે જીવનનો સમગ્ર અર્થ પલટી નાંખશે, આપણા બધા સવાલોના જવાબ આપશે, આપણી બધી સમસ્યાઓનો ઉકેલ લાવશે, જાણ્યા સિવાય આપણે જે પરિપૂર્ણતાની અભીપ્સા સેવીએ છીએ તેના પ્રત્યે આપણને દોરી જશે, જે એક જ આપણને સંતોષ આપી શકે એમ છે, નિત્ય આનંદ, સમતા, બળ અને જીવન આપી શકે તેમ છે તે પરમ વાસ્તવિકતા પ્રત્યે દોરી જશે.

તેનું આરંભ બિંદુ આ છે કે તમારામાં તેની સાચી માંગ હોવી જોઈએ, તમને તેની જરૂરિયાત લાગવી જોઈએ. પછીનું પગલું આ છે કે બધી બીજી વસ્તુઓ કરતાં તમારે આનો જ વધારે વિચાર કરવો જોઈએ. એવો દિવસ જલ્દી આવે છે કે જ્યારે માણસ તેના સિવાય બીજો કોઈ વિચાર કરી શકતા જ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૩૪૩-૪૪)

*

***જેઓ શક્તિશાળી છે એમને માટે શક્તિની વાત બરાબર છે — પરંતુ માનવ અભીપ્સા અને એનો પ્રત્યુત્તર આપતી ઈશ્વર કૃપાની વાતો એ કંઈ કાલ્પનિક પુરાણકથાઓ નથી. આધ્યાત્મિક જીવનની એ એક મહત્તર વાસ્તવિકતાઓ છે.***

***શ્રી અરવિન્દ***

*(SABCL : 23 : 529-30)*

*

***સર્વ કંઈ શાન્તિથી અંતરાભિમુખ થઈ કરવાનું છે — કાર્ય, વાણી, વાચન, લેખન, સર્વ કંઈ વાસ્તવિક ચેતનાના અંગ રૂપ — સામાન્ય ચેતનાની વિખરાયેલી અને અશાન્ત ગતિવિધિ સહિત નહિ.*** *(CWSA : 29 : 254)*

*

# હે પ્રભુ ! મને મારી જાતથી મુક્ત કર

**૭ એપ્રિલ ૧૯૧૪**

જો હું હમેશાં લડવાનું ટાળું તો પછી મારામાં હિંમત છે એમ કેમ કહેવાય? મારામાં શક્તિ છે એમ પણ કેમ કહેવાય, જો હું નવીન સાધના કરવાનો પ્રયત્ન કરવામાં આદતને વશ થઈને ડરું, અને એ વસ્તુ વિશે સભાન બન્યા વિના, અકર્મણ્ય ભાવે, ભૂતકાળની સાધનાનાં પરિણામો ઉપર મદાર બાંધીને સૂવા જતી હોઉં? કર્મ કરવા માટે મારી ઉપર ફરજ પાડવી પડે છે અને મારું મૂક્ ચિંતન, અમુક અંશે તંદ્રાગ્રસ્ત હોય છે... એ બધું મને વધુને વધુ સ્પષ્ટપણે જણાઈ આવી રહ્યું છે. અત્યાર સુધી મેં જે કાંઈ કર્યું છે તે કોઈ વિસાતનું હોય એમ લાગતું નથી. હે પ્રભુ, જે કરણને હું તારી સેવામાં મૂકું છું તેની દરિદ્રતા અને મર્યાદા મને ચોખ્ખાં દેખાય છે. અને મને જરા દિલગીરી સાથે હસવું આવે છે કે મારો એક સમયે એવો ખ્યાલ હતો કે હું મારી જાત માટે તેના પ્રયત્નો માટે અને તેનાં, પરિણામો વિશે હું સારો અભિપ્રાય ધારણ કરવાને લાયક છું, સત્ય જીવનનો આ ઉંબર જેને મેં પ્રાપ્ત કર્યો છે એમ હું હમેશાં માનતી આવી છું, એ મને આપવામાં આવેલ એક આશાસ્પદ વસ્તુ છે, પણ એનો મને કોઈ જાતમાહિતીવાળો કહેવાય એવો સાક્ષાત્કાર થયો નથી; એ એક બાળકને જેનું વચન આપવામાં આવ્યું હોય એવા રમકડા સરખી, કોઇ દુર્બળ વ્યક્તિ સામે મૂકવામાં આવેલ બદલાની ચીજ હોય એવી વસ્તુ છે.

તો પછી એવું ક્યારે થઈ શકશે કે હું એક સાચા અર્થમાં હિંમતવાન, શક્તિસભર, વીરત્વ અને નિશ્ચલ ખંતપૂર્ણ બનીશ. એવું ક્યારે બનશે કે હું મારી વ્યક્તિતાને એટલા બધા પૂર્ણ અંશે ભૂલી ગઈ હોઈશ કે જ્યારે હું એક એવું સાધન બની ગઈ હોઈશ કે જે કેવળ તેણે અભિવ્યક્ત કરવાની શક્તિઓ વડે ઘડાયેલું હશે? એવું ક્યારે બનશે કે મારી અદ્વૈતની સભાનતા સાથે જડતાનું મિશ્રણ નહિ થઈ ગયું હોય; ક્યારે એવું બનશે કે મારા દિવ્ય પ્રેમની લાગણી સાથે પછી કોઈ નિર્બળતાનું મિશ્રણ નહિ થયેલું હોય?

હે પ્રભુ, મેં આ પ્રશ્નો રજૂ કર્યા એટલે હવે મારામાંથી સર્વ વિચારો મરી પરવાર્યા હોય એવું લાગે છે. હું મારા સચેતન મનને ખોળું છું પણ એ હવે જડતું નથી; હું મારી વ્યક્તિતાને શોધું છું પણ એ કોઈ ઠેકાણે દેખાતી નથી; હું મારા અંગત સંકલ્પની શોધ કરું છું અને એ ગેરહાજર છે. હું તારી શોધ કરું છું પણ તારી તરફથી કોઈ શબ્દ સંભળાતો નથી... નીરવતા, કેવળ નીરવતા.

હવે મને તારો અવાજ સંભળાતો હોય એમ લાગે છે : ‘‘તું કદી સર્વાંશે મરી શકી નથી. હમેશાં તારામાંની કોઈ વસ્તુએ જાણવા, જોવા, અને સમજવાની અભીપ્સા સેવી છે. પૂર્ણપણે સમર્પણ કરી દે, કેવી રીતે અલોપ થઈ જવું તે શીખ, મને અને તને વિભક્ત

રાખનાર  છેલ્લો બંધ તોડી નાખ. કોઈ પણ જાતની દિલચોરી વિના આત્મ-સમર્પણ સિદ્ધ કર''. અરે, ઓ પ્રભુ, મેં તો ઘણા લાંબા સમયથી એમ કરવાની ઈચ્છા રાખી છે, પરંતુ મારાથી એ બની શક્યું નથી. હવે એ કરવાની શક્તિ તું મને આપીશ?

હે પ્રભુ, મારા મધુર શાશ્વત સ્વામી, આ મને દુઃખથી ભરી મૂકતા અવરોધને ભાંગી નાખ... મને મારી જાતથી મુક્તિ અપાવ!

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : પૃ. ૯૦/૨ થી ૯૦/૪)

*

*'' મારે કંઈ જોઈતું નથી, એવું કહેનાર સંન્યાસીનું વલણ અને ''મારે આ ચીજ જોઈએ છે'' એવું  કહેનાર સંસારીનું વલણ, તે બેઉ વલણ સરખાં છે. સંન્યાસીને પોતાના ત્યાગ પ્રતિ એટલી જ આસક્તિ હોઈ શકે છે, જેટલી આસક્તિ સંસારીને પોતાની સંપત્તિ પ્રતિ હોઇ શકે છે. તમારે ભગવાનની પાસેથી જે વસ્તુઓ આવે તે બધી – અને ફક્ત તે જ વસ્તુઓ – સ્વીકારવી જોઈએ. કારણ કે વસ્તુઓ પોતે વેશ બદલીને સંતાઈ રહેલી ઈચ્છાઓમાંથી આવી શકે છે.''*

***શ્રી માતાજી***

*(વ્યવહારુ માર્ગદર્શન : ભાગ : ૨ પૃ. ૨)*

# આધ્યાત્મિક પુનર્જન્મ : કાર્ય માટે સ્વતંત્રતા

શારીરિક રૂપાંતર એક પરમ આધ્યાત્મિક પુનર્જન્મ બની રહેશે, સામાન્ય અતીતનું બધું જ ખરી જશે. કારણ કે, આધ્યાત્મિક પુનર્જન્મ એટલે આપણા પહેલાંના સંબંધો અને સંજોગોને નિરંતર ઉતારી દેવા (સાપની જેમ), જાણે કે પ્રત્યેક અક્ષુણ્ણ પળે જીવન નવેસરથી શરૂ કરતાં હોઈએ એમ જીવવું, જેને કર્મ કહેવામાં આવે છે, જે આપણા અતીતકાળનાં કાર્યોની એક ધારા છે, તેમાંથી મુક્ત થઈ જવું, અર્થાત્ પ્રકૃતિની સામાન્ય કારણકાર્યની શૃંખલામાંથી છુટકારો.

ચેતનામાં જ્યારે અતીતકાળનો છેદ ઉડાડવાનું વિજયવિભોર બનીને સિદ્ધ થાય છે, ત્યારે પેલી બધી ભૂલો, ખામીઓ, ત્રુટિઓ અને મૂર્ખામીઓ, જે આપણી સ્મૃતિમાં જળોની માફક લોહી ચૂસતી વળગી રહી હોય છે, જાણે કે ભભૂકી રહી હોય, — તે બધું ખરી પડે છે, અને આપણે આનંદપૂર્ણ મુક્તિ મ્હાણી શકીએ છીએ. આ મુક્તિ માત્ર કલ્પનાની વાત નથી; તે એક અત્યંત નક્કર, વ્યવહારુ, વાસ્તવિક હકીકત છે. આપણે ખરેખર મુક્ત થઈ જઈએ છીએ, આપણને કશું જ બાંધતું નથી, કશું જ ભોળવતું નથી, જવાબદારીની કોઈ બાધા નડતી નથી. જો આપણે ભૂતકાળનો પ્રતિકાર કરવા માગતા હોઈએ, ઉખેડી નાખવા માગતા હોઈએ, કે તેને ઓળંગી જવા ઇચ્છતા હોઈએ, તો તે માત્ર પશ્ચાત્તાપ કે એવી કોઈ બીજી રીતે નહિ થઈ શકે; રૂપાંતરિત ન થયેલો ભૂતકાળ હમેશાં ચાલતો આવ્યો છે તે આપણે ભૂલી જવું જોઈશે. સઘળા પ્રકારનાં બંધનોમાંથી છૂટી જઈને ચેતનાની એક પ્રબુદ્ધ અવસ્થિતિમાં પ્રવેશવું જોઈશે. પુનર્જન્મ પામવું એટલે પ્રથમ તો આપણી ચૈત્ય-ચેતનામાં પ્રવેશવું. ત્યાં આપણે દિવ્યની સાથે એક થઈએ છીએ અને કર્મની પ્રતિક્રિયાઓમાંથી શાશ્વત કાળને માટે મુક્ત થઈએ છીએ. ચૈત્યની જીવતી-જાગતી સૂઝ વગર આમ બની શકે નહિ; પરંતુ એક વાર આપણા સાચા આત્મા વિશે જેવા આપણે નિશ્ચિતપણે સચેત બન્યા — અને એ તો નિરંતર દિવ્યને શરણે જ હોય છે — કે તરત બધું બંધન ખરી પડે છે. પછી સતત ભાવે જીવન નવપલ્લવિત બનીને શરૂ થાય છે, અતીતકાળ આપણને વધુ સમય માટે વળગી રહેતો નથી. આ આધ્યાત્મિક પુનર્જન્મની પરાકાષ્ઠાનો ખ્યાલ આપવા માટે હું તમને કહી શકું કે, આખાય વિશ્વની પળેપળે અનુભૂતિ થતી રહે છે, — પ્રત્યેક પળે સાચેસાચ અદશ્ય થતી અને પ્રત્યેક પળે નવસર્જન પામતી! (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૧૯૦-૧૯૧)

*

# મનને શાન્ત કઈ રીતે કરવું ?

**પ્રશ્ન :** મનમાં ચાલતી ચર્ચાઓ કેવી રીતે બંધ કરવી?

**ઉત્તર :** પ્રથમ શરત છે કે બને તેટલી ઓછી વાતો કરવી. બીજી શરત, જે ક્ષણે તમે જે કાર્ય કરતાં હો એના વિશે જ વિચાર કરવો. તમારે જે કરવાનું છે અથવા તમે અગાઉ જે કર્યું હોય તેનો વિચાર કરવાનો નહિ.

ભૂતકાળ વિશે ખેદ કદાપિ વ્યક્ત કરવો નહિ અને ભવિષ્યમાં શું થશે એ વિશે અફસોસ વ્યક્ત કરવો નહિ.

તમારાથી બને એટલું તમારા વિચારોમાં નિરાશાવાદ પર અંકુશ રાખો અને સ્વૈચ્છિક આશાવાદી બની રહો. (CWM 12 : 141)

**શ્રી માતાજી**

*

**માતાજી, મનને હસ્તક્ષેપ કરવાનું માણસ કઈ રીતે રોકી શકે ?**

અહા! તમારે પહેલાં તો સંકલ્પ કરવો જોઈએ, અને પછી જેમ ઘોંઘાટ કરનારા માણસોને તમે કહો તેમ તમારે કહેવું જોઈએ, ''શાંત રહો, શાંતિ રાખો. શાંતિ રાખો!'' આવું જ્યારે જ્યારે તમારું મન પોતાનાં બધાં સૂચનો અને ક્રિયાઓ લાવે ત્યારે તમારે કરવું જ પડે. તમારે તેને સ્થિર કરવું પડે, શાંત કરવું પડે અને મૂંગું કરવું પડે. પહેલી વસ્તુ તમારે તેને સાંભળવું ન જોઈએ. ઘણોખરો વખત, જેવું આ બધું આવે કે તરત જ, આ બધા વિચારોને વ્યક્તિ જોઈ શકે છે, સમજવા પ્રયત્ન કરે છે, સાંભળે છે; તે તેની સક્રિયતા વધારે છે. તમારે તે સાંભળવું જ ન જોઈએ અને તેના તરફ બિલકુલ ધ્યાન ન આપવું જોઈએ. જો તે બહુ ઘોંઘાટ કરે તો તમારે તેને કહી દેવું પડશે : ''શાંત થા ! હવે પછી મૂંગું થા, શાંતિ રાખ!'' અને તમારે પોતે પણ બહુ ઘોંઘાટ નહિ કરવાનો, સમજ્યા ! તમારે જે લોકો બૂમો મારવાની શરૂઆત કરે છે : ''શાંત થાઓ.'' એમનું અનુસરણ કરવું ન જોઈએ. તે લોકો પોતે જ એવો અવાજ કરે છે કે બીજાઓ કરતાં તેમનો ઘોંઘાટ વધારે જોરદાર હોય છે! (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૩૭-૧૩૮)

*

કોનામાં કાબૂ છે ? તે તો વર્ષો સુધીની મહેનત માગી લે છે, પૂર્ણ નહિ તો થોડો ઘણો પણ કાબૂ પ્રાપ્ત કરવા માટે, તમારે આમ કરવું પડશે (માતાજી પોતાની ભ્રૂકુટિ પર હાથ ફેરવે છે), બધી ગતિઓને બંધ કરી દેવી પડશે, બધાં આંદોલનોને બંધ કરી દેવાં પડશે. તો માનસિક સપાટી સુંવાળી બને છે. જેમ તમે કોઈ પુસ્તકનું કોરું પાનું ઉઘાડો અને કશું જ લખેલું ન જુઓ, તેમ મસ્તિષ્ક તદ્દન કોરું બની જવું જોઈએ!

ઘેર ગયા પછી થોડોક આવો પ્રયત્ન કરજો, તે બહુ રસપ્રદ છે. એટલે માણસ પોતાના મસ્તિષ્કમાં જે એક નાનકડું બિન્દુ નાચતું હોય છે, તે જ સ્થાનને અનુસરતો હોય છે. એક માણસે શ્રી અરવિન્દ આગળ ફરિયાદ કરી કે વિચારો મને સતાવતા હોય છે. શ્રી અરવિન્દે તેના મસ્તક પર હાથ ફેરવતાં, તે નાનકડા કાળા નાચતા બિંદુને પકડયું અને આમ કર્યું (આંગળીનાં ટેરવાથી અભિનય), જાણે કે તે કોઈ જીવડાંને ફેંકી ન દેતા હોય. પછી તરત તે માણસનું મસ્તિષ્ક શાન્ત, તેજોમય બની ગયું. તે ક્રિયા જોઈ શકાય તેવી રીતે તેમણે કરી હતી. કશું જ બોલ્યા વગર તેમણે તે સતાવતા બિંદુને પકડીને ફેંકી દીધું, અને બધું પતી ગયું.

વસ્તુઓ બહુ સઘન રીતે પરસ્પર આધાર રાખતી હોય છે. એક માણસ શ્રી અરવિન્દ પાસે આવ્યો. તેને કયાંક તીવ્ર વેદના થતી હતી. તે બોલતો હતો કે ઓહ, અહીં બહુ દુખે છે, બહુ દુખે છે ! શ્રી અરવિન્દ કાંઈ બોલ્યા નહિ, તે શાંત રહ્યા. તેમણે તે માણસ સામે જોયું. મેં પ્રત્યક્ષ જોયું કે જાણે કોઈ સૂક્ષ્મ ભૌતિક હાથે તે ગેરવ્યવસ્થામાં ગૂંચવાડામાં નાચતા, નાનકડા બિંદુને પકડીને બહાર ફેંકી દીધું (તેજ અભિનય) અને પીડા બંધ થઈ ગઈ. તે માણસ બોલ્યો કે ઓહ, ઓહ, મારી પીડા જતી રહી!

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૩૬-૨૩૭)

*

મનને મૌન ધારણ કરતાં શીખવવું જોઈએ, શાંત એકાગ્ર રહેતાં શીખવવું જોઈએ અને એણે ગરબડ કરવી જોઈએ નહિ. જો તમે એને સીધેસીધું નીરવ બનાવવા પ્રયત્ન કરશો, તો એક અઘરું કાર્ય છે, લગભગ અશક્ય. કારણ કે મનનો સૌથી વધુ ભૌતિક ભાગ, એનું કાર્ય કદી પણ બંધ રાખતો નથી - એ એક રેકૉર્ડિંગ મશીનની માફક વણથંભ્યું ચાલ્યે જ જાય છે, ચાલ્યે જ જાય છે. એનામાં જે વસ્તુ રેકોર્ડ થયેલી હોય છે એનું પુનરુચ્ચારણ કર્યે જાય છે; અને જો તેને બંધ કરવાની સ્વિચ તમારી પાસે ન હોય તો એ અનિશ્ચિત કાળ સુધી ચાલ્યે જ જાય છે, ચાલ્યે જ જાય છે. એને બદલે તમે તમારી ચેતનાને, સામાન્ય મનથી ઉપરના પ્રદેશમાં ઊઠાવી શકો તો પ્રકાશ પ્રત્યેનું એ પ્રકારનું ઉદ્‌ઘાટન મનને શાંત કરે છે. ત્યાર પછી એ હલનચલન કરતું નથી, અને એ રીતે મળેલી નીરવતા સતત બની રહે છે. એકવાર તમે આ પ્રદેશમાં પ્રવેશ કરો પછી એમાંથી પાછા ન આવો એમ પણ બને - બાહ્ય મન હમેશાં શાંત રહે છે.

ઊર્ધ્વતર પ્રકાશ માટે અભીપ્સા એ સાચો ઉકેલ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૧૨-૨૧૩)

*

# પોતાની પ્રકૃતિનું પરિવર્તન કરવું

શ્રી અરવિન્દ આપણને કહે છે કે જો તમે તમારી પ્રકૃતિને બદલી ન શકતા હોય તો યોગ કરવાની તકલીફ લેવાની જરૂર નથી, કારણ કે યોગ કરવાનો હેતુ જ પ્રકૃતિને બદલવાનો છે, નહિ તો પછી એનો કોઈ અર્થ નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૦૨)

*

સૌથી ખાસ અગત્યનું સમર્પણ તો તમારા ચરિત્રનું છે, તમારી જીવન જીવવાની પદ્ધતિનું હોય છે, જેથી એમનું રૂપાંતર સિદ્ધ થઈ શકે. જો તમે તમારી પોતાની જ પ્રકૃતિનું સમર્પણ નહિ કરો તો આ પ્રકૃતિ કદાપિ રૂપાંતર નહિ પામે. વધુમાં વધુ અગત્યની વસ્તુ આ છે. તમારામાં વસ્તુઓને સમજવાની અમુક પ્રકારની ઘાટી હોય છે. વસ્તુઓનો પ્રત્યુત્તર વાળવાની અમુક રીતની પદ્ધતિ હોય છે. તમારી લાગણીઓ અમુક રસ્તે વહેતી હોય છે, પ્રગતિ કરવા માટે લગભગ અમુક નિશ્ચિત માર્ગ હોય છે અને આ સર્વ ઉપરાંત, જીવન પ્રત્યે જોવાની અને તેમાંથી અમુક વસ્તુઓની અપેક્ષા રાખવાની ખાસ પ્રકારની દૃષ્ટિ હોય છે. – તો તમારે સમર્પણ કરવાનું છે તે આ વસ્તુઓનું હોય છે. એટલે કે, જો તમારે સાચે જ દિવ્ય પ્રકાશ પામવો હોય અને પોતાની જાતનું રૂપાંતર સિદ્ધ કરવું હોય તો તમારે તમારી આખી જીવન જીવવાની પદ્ધતિનું જ સમર્પણ કરી દેવાનું રહે છે – અને એ અર્પણ પોતાની જાતને દિવ્ય ચેતના પ્રત્યે ખુલ્લી કરીને, એને શક્ય તેટલા પ્રમાણમાં ગ્રહણશીલ બનાવી રાખીને કરવાનું રહે છે, જેથી તમારે કયા પ્રકારનું થવું જોઈએ તે જોઈ શકનાર ભાગવત ચેતના તમારા ઉપર સીધેસીધું કાર્ય કરે અને તમારા અસ્તિત્વના સત્યનો વધુ અનુરૂપ ક્રિયાઓમાં એમનું રૂપાંતર કરે જેથી એ ક્રિયાઓ વધુ સત્યમય બની રહે. આપણે જે કંઈ કરતાં હોઈએ તેનું સમર્પણ કરવા કરતાં આ વસ્તુ અનંતગણી વધુ અગત્યની છે . (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૪-૪૫)

*

**સંપૂર્ણ સમર્પણની ત્રિવિધ પદ્ધતિ**

પ્રભુને આત્મ-સમર્પણ કરવાની ત્રણ લાક્ષણિક પદ્ધતિઓ :-

(૧) સર્વ પ્રકારના ગર્વથી મુક્ત થઈ જઈ, ઈશ્વરચરણે સંપૂર્ણ વિનમ્રતાપૂર્વક દંડવત્ પ્રણામ કરવાં.

(૨) ઈશ્વર સમક્ષ આપણા સ્વરૂપને ખુલ્લું કરી દેવું, જે રીતે આપણે પુસ્તક ખોલતાં હોઈએ છીએ તેમ. પૂર્ણ નિષ્ઠાપૂર્વક માથાથી પગ સુધીના આખાય સ્વરૂપને ખુલ્લું થઈ જવું, કોઈપણ વસ્તુ છુપાઈ રહેવી જોઈએ નહિ.

(૩) ઈશ્વરના બાહુઓમાં લપાઈ જવું. પૂર્ણ શ્રદ્ધા તેમ જ પ્રેમપૂર્વક એમના સ્વરૂપમાં વિલીન થઈ જવું.

આ ત્રણ ક્રિયાઓની સાથે ત્રણ સૂત્રો જોડી શકાય અથવા પ્રસંગ પ્રમાણે એમાંથી કોઈપણ એક સૂત્ર જોડી શકાય.

(૧) તારો સંકલ્પ સિદ્ધ થાઓ, મારો નહિ.

(૨) તારો જે સંકલ્પ હો; જે કોઈ સંકલ્પ હો તે પ્રમાણે થાઓ !

(૩) શાશ્વતી માટે હું તારો છું.

આ ક્રિયાઓ જ્યારે સાચી રીતે કરવામાં આવે છે ત્યારે પછી પૂર્ણ તાદાત્મ્ય બની આવે છે, અહંકારનું વિસર્જન થાય છે, ને એક પરમ આનંદ પ્રાપ્ત થાય છે.

**શ્રી માતાજી**

*

આનું કારણ એ છે કે જીવન અને કર્મની નાનામાં નાની વિગત, વિચારની લાગણીની, સંવેદનની કોઈ પણ ગતિ, જેની સામાન્ય રીતે ખાસ અગત્ય નથી હોતી, તે, તમે જે ક્ષણે તેમનું અવલોકન કરીને પોતાને એમ પૂછો છો કે 'મેં એ વિચાર ભગવાનને અર્પણ ભાવે કરેલો, મેં એ લાગણી ભગવાનને અર્પણભાવે સેવેલી. ...?' એ રીતે તમારા જીવનની હરેક ક્ષણ તમે તાજી કરતા રહો ત્યારે તમારું વલણ પહેલાં કરતાં તદ્દન જુદું થઈ જાય છે. એ ઘણું વિશાળ થઈ જાય છે. એ રીતે જાણે દરેક વસ્તુ પોતાને યોગ્ય સ્થાને હોય એવી અસંખ્ય નાની નાની વસ્તુઓની પરંપરા બંધાઈ જાય છે - જ્યારે પહેલાં તો તમે એમની ઉપર જરાપણ ધ્યાન આપ્યા સિવાય બને તેમ બનવા દેતા હતા. આને લઈને ચેતનાનું ક્ષેત્ર વિશાળ થાય છે. તમે તમારા જીવનનો અર્ધો કલાક લઈને તેની સામે આ પ્રશ્ન મૂકો કે 'આ વસ્તુ ભગવાનને આત્મસમર્પણરૂપ છે?' અને તમે જોશો કે નાની વસ્તુઓ પણ મોટી વસ્તુઓ બની જાય છે અને તમને એમ ભાસે છે કે જીવન વિશાળ અને ઉજ્જવલ બન્યું છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૪ પૃ. ૧૫૮-૧૫૯)

*

આખો વખત ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં રહેતાં શીખો. પ્રભુની એ પ્રત્યક્ષ હાજરી જ તમને હલાવીચલાવી રહી છે તથા તમે કરો છો તે બધું તમારી અંદર તે જ કરી રહી છે એવું સતત અનુભવી તેમાં જીવન ધારણ કરો. તમારી સર્વ ક્રિયાઓ તેને સમર્પણ કરો. તમારી કેવળ માનસિક ક્રિયાઓ જ નહિ-પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવ માત્ર જ નહિ, પરંતુ તદ્દન સામાન્ય અને બહિર્મુખ ગણાતી ક્રિયાઓ, જેવી કે ખાવાપીવાની પણ તેને જ સમર્પણ કરો. જ્યારે ખાઓ ત્યારે પણ ભગવાન તમારા દ્વારા ભાગ લે છે એવો ભાવ અનુભવો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૨૫-૨૬)

*

# સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ

**('સાવિત્રી' નો ગુજરાતી અનુવાદ શ્રી પૂજાલાલનો છે.)**
**(ગતાંકથી ચાલુ)**

Only if God assumes the human mind
And puts on mortal ignorance for his cloak
And makes himself the Dwarf with triple stride,
Can he help man to grow into the God.
As man disguised the cosmic Greatness works
And finds the mystic inaccessible gate
And opens the Immortal's golden door.
Man, human, follows in God's human steps.
Accepting his darkness thou must bring to him light,
Accepting his sorrow thou must bring to him bliss.
In Matter's body find thy heaven-born soul."

Savitri: 488

**માનુષી મનને ધારે પ્રભુ પોતે જ જો અને**
**મર્ત્ય અજ્ઞાનનો છદ્મવેશ વાઘામહીં સજે,**
**અને વામન પોતાને બનાવી દે ત્રિવિક્રમ,**
**તો જ મનુષ્યને રૂપ પ્રભુનું પામવામહીં**
**એ સાહાય્ય કરી શકે.**
**વૈશ્વિક મહિમા કાર્ય કરે ધારી છળવેશ મનુષ્યનો,**
**ને શોધી એહ કાઢે છે દરવાજા છે જે ગૂઢ અગમ્ય તે,**
**ને સોનેરી દ્વાર ખોલી નાખે છે અમૃતાત્મનું.**
**મનુષ્ય માનવી છે તે પ્રભુ કેરાં**
**માનવી પગલાંઓનું અનુવર્તન આદરે.**
**જ્યોતિનું કરવાનું છે તારે દાન મનુષ્યને**
**સ્વીકારીને એહના અંધકારને,**
**છે મહાસુખ દેવાનું સ્વીકારીને એહના દુઃખશોકને.**
**જડ-જાયા શરીરે તું શોધ તારા સ્વર્ગ-જાયા ચિદાત્મને.**

**A being no bigger than the thumb of man**
But since she knows the toil of mind and life
As a mother feels and shares her children's lives,

She puts forth a small portion of herself,
A being no bigger than the thumb of man
Into a hidden region of the heart
To face the pang and to forget the bliss,
To share the suffering and endure earth's wounds
And labour mid the labour of the stars.
This in us laughs and weeps, suffers the stroke,
Exults in victory, struggles for the crown;
Identified with the mind and body and life,
It takes on itself their anguish and defeat,
Bleeds with Fate's whips and hangs upon the cross,
Yet is the unwounded and immortal self
Supporting the actor in the human scene.
Through this she sends us her glory and her powers,
Pushes to wisdom's heights, through misery's gulfs;
She gives us strength to do our daily task
And sympathy that partakes of others' grief
And the little strength we have to help our race,
We who must fill the role of the universe
Acting itself out in a slight human shape
And on our shoulders carry the struggling world.
This is in us the godhead small and marred;
In this human portion of divinity
She seats the greatness of the Soul in Time
To uplift from light to light, from power to power,
Till on a heavenly peak it stands, a king.
In body weak, in its heart an invincible might,
It climbs stumbling, held up by an unseen hand,
A toiling spirit in a mortal shape.

Savitri : 526-27

**અંગુષ્ઠમાત્ર**

**પરંતુ મનકેરો ને જિંદગીનો જાણે છે એ પરિશ્રમ**
**તેથી માની જેમ એને લાગણી થાય છે અને**
**ભાગીદાર બને છે એ જીવનોમાં સ્વબાળનાં,**
**પ્રકટાવે એક નાનો અંશ નિજ સ્વરૂપનો,**

જે જરાય નથી મોટો અંગૂઠાથી મનુષ્યના
ને છુપાવી રખાયો છે હૈયાકેરા પ્રદેશમાં
દુઃખના સામના માટે અને ભૂલી જવાને પરમા મુદા,
વ્યથામાં ભાગ લેવા ને સહેવા ઘા ધરાતણા,
ને તારાઓતણા મોટા શ્રમ વચ્ચે પરિશ્રમ નિષેવવા.
આ આપણીમહીં હાસ્ય કરતો, અશ્રુ સારતો,
સહી પ્રહાર લેતો ને વિજયોલ્લાસ માણતો,
અને તાજ માટે સંઘર્ષ સેવતો,
બની જઈ તદાકાર મન સાથ ને દેહ-પ્રાણ સાથ એ
પોતાની પર વ્હોરી લે એ પોતાની યાતના ને પરાજય
ચાબખા ભાગ્યના ખાઈ લોહીલુહાણ થાય છે,
ચઢે ક્રોસ પરે, ને છતાં અવ્રણ એ રહે
આત્મા અમરતાતણો
માનવીને રંગેમંચે અભિનેતાને આલંબન આપતો.
આપણે કાજ એ આના દ્વારા પાઠવતી રહે
પ્રભાવ મહિમાવંતો નિજ ને નિજ શક્તિઓ,
દુર્ગતિના મહાગર્તોમહીં થઈ
શૃંગોએ પ્રાજ્ઞતાકેરાં ધકેલી લઈ જાય એ;
બળ આપણને આપે કરવાને આપણા કર્મ નિત્યનાં,
સહાનુભૂતિ આપે એ બીજાંઓના દુઃખે ભાગ પડાવતી
અને સ્વજાતિને સાહ્ય આપવાને
આપે છે આપણાં રહ્યું છે બલ અલ્પ તે;
આપણે કરવાનું છે આપણા ભાગનું કાર્ય જગત્તણું,
નાના શા માનવાકારે કરવાનો છે પૂરો પાઠ આપણો,
ખભે ઉઠાવવાનું છે પછાડા મારતું જગત્.
છે આપણીમહીંનું આ દેવરૂપ નાનું શું ને વિરૂપપિત;
માનવી અંશમાં આ દિવ્યતાતણા
કાલવાસી ચિદાત્માના મહિમાની કરે એ પધરામણી
જ્યોતિથી જ્યોતિમાં, ઓજથકી ઓજે ઉદ્ધારીને લઈ જવા,
કે અંતે સ્વર્ગને શૃંગે મહારાજા બનીને થાય એ ખડો.
દેહે દુર્બલ એ તોયે હૈયે એને છે અજય્ય મહાબલ,
ચઢે એ ઠોકરો ખાતો

ઊંચે ધારી રખાયેલો એક અદશ્ય હસ્તથી,
છે એ મહાશ્રમે મંડ્યો આત્મા મર્ત્ય સ્વરૂપમાં.
અહીં આ અર્ચિકિરા ને જ્યોતિકેરા નિકેતને
થયું મિલન સાવિત્રીકિરું ને ચૈત્ય આત્મનું;
એમણે એકબીજાની પર દષ્ટિ કરી અને
છે પોતે, કોણ તે પામી ગયાં તહીં,
દેવતા ગુપ્ત રે'નારો ને એનો અંશ માનવી,
પ્રશાંત અમરાત્મા ને જીવ સંઘર્ષ સેવતો.

*

**The flaming serpent**

In its deep lotus home her being sat
As if on concentration's marble seat,
Calling the mighty Mother of the worlds
To make this earthly tenement her house.
As in a flash from a supernal light,
A living image of the original Power,
A face, a form came down into her heart
And made of it its temple and pure abode.
But when its feet had touched the quivering bloom,
A mighty movement rocked the inner space
As if a world were shaken and found its soul:
Out of the Inconscient's soulless mindless night
A flaming Serpent rose released from sleep.
It rose billowing its coils and stood erect
And climbing mightily, stormily on its way
It touched her centres with its flaming mouth;
As if a fiery kiss had broken their sleep,
They bloomed and laughed surcharged with light and bliss.
Then at the crown it joined the Eternal's space.
In the flower of the head, in the flower of Matter's base,
In each divine stronghold and Nature-knot
It held together the mystic stream which joins
The viewless summits with the unseen depths,
The string of forts that make the frail defence
Safeguarding us against the enormous world,
Our lines of self-expression in its Vast.

An image sat of the original Power
Wearing the mighty Mother's form and face.
Armed, bearer of the weapon and the sign
Whose occult might no magic can imitate,
Manifold yet one she sat, a guardian force:
A saviour gesture stretched her lifted arm,
And symbol of some native cosmic strength,
A sacred beast lay prone below her feet,
A silent flame-eyed mass of living force.

Savitri: 528-29

**ફૂંફાળા મારતો સર્પ**

આત્મા એનો હતો બેઠો નિજ ઊંડા અંબુજાવાસની મહીં
સંગેમરમરના જાણે આસનોપરિ ધ્યાનના,
મહાબલિષ્ઠ માતાને બ્રહ્માંડોની બુલાવતો
કે આવી ને એ બનાવી દે નિજ ધામ પૃથ્વીના આ નિવાસને.
જેમ કો ઝબકારામાં પરમોત્તમ જ્યોતિના
આદિશક્તિતણી એક પ્રતિમા પ્રાણથી ભરી,
મુખ એક, રૂપ એક એને હૃદય ઊતર્યું
અને મંદિર પોતાનું ને પવિત્ર ધામ એને બનાવિયું.
કિંતું પ્રકંપતે પુષ્પે સ્પર્શ જ્યારે એના ચરણનો થયો
ત્યારે આંતર આકાશ આંદોલાયું
અને બલિષ્ઠ ત્યાં એક હિલચાલ શરૂ થઈ,
જાણે જગત કો એક ઢંઢોળાયું
ને અચિત્‌ની ચૈત્યહીન મનોહીન નિશાથકી
એણે પ્રાપ્ત કર્યો હોય નિજાત્મનેઃ
નિદ્રામાંથી થઈ મુક્ત ઊઠી જ્વાલામયી એક ભુજંગમી.
ઊઠી એ ગૂંચળાં એના ઊર્મિ જેમ ઉછાળતી,
ઊભી ટટાર ને એને માર્ગે જોશભેર તોફાનના સમી
આરોહી, ને જ્વલંતા સ્વમુખે સ્પર્શ્યાં
સાવિત્રીનાં ચક્રો યૌગિક દેહનાં.
અને આગ્નેય ચૂમીએ નિદ્રાભંગ થયો ના હોય તેમનો
તેમ તેઓ પ્રફુલ્યાં ને હાસ્યપૂર્ણ બની ગયાં
ભારોભાર ભરાઈને જ્યોતિએ ને મહાસુખે;

પછી શાશ્વતના વ્યોમ સાથે યુક્ત થઈ એ મસ્તકોપરિ.
સહસ્રદલમાં શીર્ષે ને મૂલાધારની મહીં
પદ્મમાં જડ દ્રવ્યના,
ગઢે પ્રત્યેક સ્વર્ગીય ને પ્રત્યેક ગ્રંથિમાં પ્રકૃતિતણી
ગૂઢ પ્રવાહને એક એકત્ર રાખતી હતી,
જે પ્રવાહ વડે યોગ સધાયે છે અદૃશ્ય શિખરોતણો
ને ઊંડાણોતણો દૃષ્ટ ન જે પડે,
બૃહત્ બ્રહ્માંડની સામે કમજોર રક્ષા જે આપણી બને
તે કિલ્લાઓતણી સેર રાખે એ સચવાયલી,
આત્માભિવ્યક્તિની રૂપરેખાઓ આપણી લઈ.
આદ્યશક્તિતણી એક હતી મૂર્ત્તિ વિરાજતી
મહાસમર્થ માતાનું હતું ધાર્યું જેણે રૂપ અને મુખ.
હતી સશસ્ત્ર ને ધાર્યાં હતાં એણે નિજાયુધ અને ધ્વજ,
જેનું નિગૂઢ સામર્થ્ય નથી કોઈ જાદૂ શક્ત વિડંબવા,
બહુરૂપા છતાં એકા બેઠી 'તી એ શક્તિ રક્ષણકારિણીઃ
મુદ્રા અભયની એનો ઊંચકેલો કર લંબાવતી હતી,
કોઈ સહજ ને વૈશ્વ બળકેરા પ્રતીક શું
પ્રાણી પવિત્ર લંબાઈ હતું બેઠું એના ચરણની તળે,
મૌન જ્વાલા હતી આંખે, હતો પિંડ એનો જીવંત શક્તિનો.

*

**All is He**

Her spirit saw the world as living God;
It saw the One and knew that all was He.
She knew him as the Absolute's self-space,
One with her self and ground of all things here
In which the world wanders seeking for the Truth
Guarded behind its face of ignorance:
She followed him through the march of endless Time.
All Nature's happenings were events in her,
The heart-beats of the cosmos were her own,
All beings thought and felt and moved in her;
She inhabited the vastness of the world,
Its distances were her nature's boundaries,
Its closenesses her own life's intimacies.

Her mind became familiar with its mind,
Its body was her body’s larger frame
In which she lived and knew herself in it
One, multitudinous in its multitudes.
She was a single being, yet all things;
The world was her spirit’s wide circumference,
The thoughts of others were her intimates,
Their feelings close to her universal heart,
Their bodies her many bodies kin to her;
She was no more herself but all the world.
Out of the infinitudes all came to her,
Into the infinitudes sentient she spread,
Infinity was her own natural home.
Nowhere she dwelt, her spirit was everywhere,
The distant constellations wheeled round her;
Earth saw her born, all worlds were her colonies,
The greater worlds of life and mind were hers;
All Nature reproduced her in its lines,
Its movements were large copies of her own.
She was the single self of all these selves,
She was in them and they were all in her.
This first was an immense identity
In which her own identity was lost:
What seemed herself was an image of the Whole.
She was a subconscient life of tree and flower,
The outbreak of the honied buds of spring;
She burned in the passion and splendour of the rose,
She was the red heart of the passion-flower,
The dream-white of the lotus in its pool.
Out of subconscient life she climbed to mind,
She was thought and the passion of the world's heart,
She was the godhead hid in the heart of man,

Savitri:

**સર્વરૂપ स:**

**જીવંત પ્રભુને રૂપે આત્મા એનો જોતો જગતને હતો;**
**જોતો ’તો एक ને એ ને જાણતો ’તો કે હતો સર્વરૂપ स:.**
**જાણતી એ હતી એને નિજાકાશરૂપ કેવળ બ્રહ્મના,**

સ્વાત્મા સાથે એકરૂપ, ભૂમિકા હ્યાં સઘળી વસ્તુઓતણી,
જેમાં પર્યટતું વિશ્વ શોધમાં તેહ સત્યની
જે અજ્ઞાનતણા મો'રા પૂઠે એના સાચવી છે રખાયલુંઃ
અનંત કાળની આગેકૂચમાં એ એને જ અનુવર્તતી.
ઘટનાઓ પ્રકૃતિની ઘટનાઓ એનામાં જ થતી હતી,
ધબકો વિશ્વના હૈયાકેરી એની પોતાની ધબકો હતી,
એનામાં સઘળાં સત્ત્વ વિચાર કરતાં હતાં,
લાગણીઓ લહેતાં ને ચલનો કરતાં હતાં;
હતી નિવાસિની પોતે વિશ્વ-વિશાલતાતણી,
દૂરતાઓ હતી એની સીમાઓ સ્વ-સ્વભાવના,
એની નિકટતાઓ તે ગાઢતાઓ નિજ જીવનની હતી.
વિશ્વના મનની સાથે મન એનું હતું પરિચયે રહ્યું,
વિશ્વનો દેહ તે એના દેહકેરું વિશાળતર ચોકઠું,
જેમાં હતી રહેતી એ ને પોતાને એક જ્યાં જાણતી હતી,
બહુ સંખ્યત્વ પામેલી સમૂહોમાંહ્ય એહના.
સત્ત્વ પોતે એકમાત્ર હતી તોય હતી સકલ વસ્તુઓ;
હતું વિશ્વ નિજાત્માના વિશાળ પરિધિસ્થળે,
બીજાઓના વિચારો શું હતી એની ઘનિષ્ઠતા,
વિશ્વવિશાળ પોતાના હૈયા સાથે
ભાવો ગાઢ બનેલા તેમના હતા,
તેમના દેહ પોતાના બહુ દેહો હતા નિકટના સગા;
જાતમાત્ર હવે ના એ, એ હતી સચરાચર.
આનંત્યોમાંહ્યથી એની પાસે સૌ આવતું હતું,
આનંત્યોમાં હતી વ્યાપી ગઈ પોતે સચેતના,
સ્વાભાવિક હતું એનું નિજ ધામ અનંતતા.
ક્યાંય વાસ ન 'તો એનો, આત્મા એનો વ્યાપ્યો 'તો સઘળે સ્થળે,
નક્ષત્રરાશિઓ દૂરકેરી એની ફરતે ફરતી હતી;
પૃથ્વીએ જન્મતી એને હતી જોઈ,
વિશ્વો સર્વ હતાં એની વસાહતો,
પોતાનાં જ હતાં એનાં વિશ્વો પ્રાણ-મનકેરાં મહત્તર;
સારી પ્રકૃતિ પોતાની રીતે એને
સર્જતી 'તી પુનઃ પુનઃ,

નિસર્ગ-ગતિઓ એની ગતિઓની મોટેરી નકલો હતી.
સઘળાં આ સ્વરૂપોનું એકમાત્ર હતી આત્મસ્વરૂપ એ,
એમનામાં હતી એ ને એનામાં સર્વ એ હતાં.
હદ પારતણી આદ્ય આ હતી એકરૂપતા
જેમાં વ્યક્તિત્વ પોતાનું એનું લુપ્ત થયું હતુંઃ
લાગતું જે હતું જાત જેવું તે તો હતું બિંબ સમષ્ટિનું.
હતી પોતે વૃક્ષની ને પુષ્પકેરી અવચેતન જિંદગી,
ફૂટી નીકળતી પોતે મધુમંતી કળીઓમાં વસંતની;
ભાવે ને ભવ્યતામાં એ જળતી 'તી ગુલાબની,
ગાઢાનુરાગના ફૂલકેરું હૈયું હતી એ લાલરંગનું,
હતી પદ્માકરે પદ્મકેરી સ્વપ્નાલુ શુભ્રતા.
મને ચઢી હતી એહ અવચેતન પ્રાણથી,
હતી વિચાર એ, હૈયે વિશ્વકેરા હતી ગાઢાનુરાગ એ,
હૃદયે માનવીના એ હતી આચ્છન્ન દેવતા,
માનવીના ચૈત્યકેરું પ્રભુ પ્રત્યે અધિરોહણ એ હતી.
એનામાં ફૂલતું વિશ્વ, એ એની ક્યારડી હતી.
હતી એ કાળ ને સ્વપ્નાં પ્રભુનાં કાળની મહીં;
હતી આકાશ પોતે ને પ્રભુકેરા દિવસોની વિશાળતા.
આ અવસ્થામહીંથી એ અધિરોહી સ્થળકાળ હતાં ન જ્યાં;
પરચૈતન્યનું ધામ એને માટે સહજાત હવા હતું,
અનંતતા હતી એની હિલચાલ માટે સ્વાભાવિક સ્થલ;
હતી શાશ્વતતા એના દ્વારા દૃષ્ટિ નાખતી કાલની પરે.

(ક્રમશઃ)

# વૃત્ત વિશેષ

(૧) શ્રી અરવિન્દની સાર્ધ શતાબ્દી મહોત્સવના ભાગરૂપ તા. ૨૩મી જાન્યુઆરીના રોજ શ્રી અંબાપ્રેમીજીની પુણ્યતિથિ નિમિત્તે, શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રી વિશે તા. ૨૧-૧-૨૦૨૨થી તા. ૨૭-૧-૨૦૨૨ દરમિયાન પ્રવચન શ્રેણીનું આયોજન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે કરવામાં આવ્યું હતું.

**વક્તા :** શ્રી શરદભાઈ જોશી

**સમય :** સાંજે ૫:૩૦થી ૬:૩૦

આ પ્રવચન શ્રેણીનો ON LINE લાભ લઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

*

**નવાં પ્રકાશનો (૧) શ્રી અરવિન્દનું કાવ્યદર્શન :**

શ્રી અંબુભાઈ પુરાણી : શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસી શ્રી અંબુભાઈ રચિત આ પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરે એ પુસ્તકનું પુનઃમુદ્રણ કર્યું છે પણ મૂળ પુસ્તકની આ બીજી આવૃત્તિ હોવા છતાં તેમણે આ પ્રથમ આવૃત્તિ છે એમ (જાણ્યે - અજાણ્યે) છાપ્યું છે. અકાદમી આ ભૂલ સુધારી લેશે એવી અમારી નમ્ર વિનંતી. મૂળ પુસ્તક શ્રી અંબુભાઈએ તૈયાર કર્યું હતું. શ્રી મૂળજીભાઈ તલાટીએ એનું છાપકામનું કાર્ય સંભાળ્યું હતું. પ્રસ્તુત પુસ્તક પુનઃ મુદ્રણ માત્ર છે. બે વર્ષ અગાઉ સાહિત્ય અકાદમીએ આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની નકલ પુનઃમુદ્રણ કરવા માટે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા પાસેથી મંગાવી હતી અને અમે એ નકલ અકાદમીને મોકલી આપી હતી. મહામાત્રના નિવેદનમાં જણાવાયું છે કે અમુક વ્યક્તિનો આ પુસ્તક તૈયાર કરવામાં વિશેષ ફાળો છે, તે અસ્થાને છે. પુસ્તકની કિંમત છે રૂા. ૩૦૦.૦૦/- છાપકામ બાંધણી વગેરે શ્રેષ્ઠ કક્ષાનાં છે. પ્રકાશક પાસેથી પુસ્તક મેળવી શકાય.

અપ્રાપ્ય પુસ્તકની બીજી આવૃત્તિ તૈયાર કરવા બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આભાર.

**(૨) અંબાલાલ પુરાણીનું કલામંદિરે**

પ્રસ્તુત પુસ્તક પણ બીજી આવૃત્તિ છે. પ્રકાશકે જાણ્યે-અજાણ્યે આ પણ પ્રથમ આવૃત્તિ છે એવી ખોટી માહિતી છાપી છે. ભૂલ સુધારવા પ્રકાશકને નમ્ર વિનંતી. આ પુસ્તક પણ શ્રી અંબુભાઈએ તૈયાર કર્યું હતું અને શ્રી મૂળજીભાઈ તલાટીએ એના છાપકામની જવાબદારી સ્વીકારી હતી. પુનઃ મુદ્રણમાં સંપાદકનો શું ફાળો હોય એ અકળ વાત છે. શ્રી કનુ પટેલે સુંદર મુખપૃષ્ઠ આ પુસ્તક માટે તૈયાર કર્યું છે. એમનું સંપાદકીય

લખાણ વાચકને આશ્ચર્ય ઉપજાવે છે. બે વર્ષ અગાઉ સાહિત્ય અકાદમીએ આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની નકલ પુનઃમુદ્રણ કરવા માટે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા પાસેથી મંગાવી હતી અને અમે એ નકલ અકાદમીને મોકલી આપી હતી. પૃષ્ઠ સંખ્યા ૨૧૬ : કિંમત રૂા. ૪૦૦/-. પાકું પૂઠું, રંગબેરંગી આવરણચિત્ર પુસ્તકનું છાપકામ ને બાંધણી શ્રેષ્ઠ છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. લાંબા સમયથી અપ્રાપ્ય પુસ્તકનું પુનઃ મુદ્રણ કરવા બદલ ગુજરાતી સાહિત્ય અકાદમી પરત્વે અમે આભારની લાગણી પ્રકટ કરીએ છીએ.

**(૩) એષા :** 'એક અસાધારણ છોકરી' (સંક્ષિપ્ત અનુવાદ) મૂળ લેખક : નીરોદ બરન. અનુવાદક ને પ્રકાશક મકરન્દ બ્રહ્મા. મો. ૯૩૨૭૪૮૦૧૧૯. પૃષ્ઠ સંખ્યા ૯+૮૦=૮૯. સારા કાગળ ઉપર મોટા ટાઈપમાં સુંદર છાપકામ. રંગબેરંગી આવરણચિત્રમાં એષાની નયનરમ્ય છબી. પુસ્તકનું પ્રતીક મૂલ્ય છે રૂા. ૨૦. નીરોદબરનનું મૂળ અંગ્રેજી પુસ્તક ૨૫૦. પેજનું છે એમાંથી પસંદગીનાં ૫૦થી ૬૦ પૃષ્ઠોનો આ સરળ અનુવાદ જે વાતચીતની શૈલીમાં મુખ્યત્વે થયો છે તે વાચકને જકડી રાખે છે. અગાઉ શ્રી નીરોદબરને આ 'એક અસાધારણ છોકરી' વિશે આશ્રમથી પ્રકાશિત થતા માસિક Mother India માં લેખશ્રેણી રજૂ કરી હતી અને એના અમુક અંશોનો ગુજરાતી અનુવાદ સ્વઃ શ્રી કાંતિભાઈ જોશી (વડોદરા)એ કર્યો હતો.

આ પુસ્તકનું છાપકામ સુંદર છે અને બાંધણી સુઘડ છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

**(૪) શ્રી અરવિન્દ અને મૃણાલિની :** લે. જ્યોતિ થાનકી, પ્રકાશક, શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧, ફોન નં. ૨૪૧૮૯૭૮ (૦૨૬૫) પૃષ્ઠ સંખ્યા ૬૦. રંગબેરંગી આવરણ ચિત્ર. મૂલ્ય રૂા. ૨૦=૦૦. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે શ્રી જ્યોતિ બહેને હિન્દી ભાષામાં રજૂ કરેલાં બે વક્તવ્યોને ગુજરાતી ભાષામાં પુસ્તકાકારે રજૂ કરી શ્રી અરવિન્દના દામ્પત્યજીવનમાં રહેલી ઉચ્ચ ભાવનાને વાચકો સમક્ષ ઉજાગર કરવામાં આવી છે. પુસ્તકના અંત ભાગે શ્રી અરવિન્દે મૃણાલિની દેવીને સંબોધીને લખેલા પત્રો પણ રજૂ કરવામાં આવ્યા છે. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે મૃણાલિની દેવીનું ગૌરવ કરતાં લખાણો પ્રકાશમાં આવે છે તેની પાછળ પણ દિવ્ય સંકેત રહેલો છે એવું આપણે સ્વીકારી શકીએ. સુંદર છાપકામ અને સુઘડ બાંધણી સહિતના આ પુસ્તકની પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

# PRABHU ARPAN
# FORM IV

| | | |
|---|---|---|
| 1. | **Place of Publication** | Vadodara |
| 2. | **Periodicity of Publication** | Monthly |
| 3. | **Printer's Name<br>Citizenship & address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| 4. | **Publisher's Name<br>Citizenship & Address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| 5. | **Editor's Name<br>Citizenship & Address** | Shri Kiritkumar Indravadan Thakkar<br>Indian,<br>E-102, Chandranagar Colony<br>Waghodia Road,<br>Vadodara - 390 019 |
| 6. | **Name and Address<br>of the Owner** | Sri Aurobindo Society<br>Vadodara Branch. |

I hereby declare that the particulars given above are ture to the best of my knowledge and belief.

Vadodara
31-3-2022

Sd/-
***(Shri Sharadchandra M. Joshi)***
Publisher

# પૃથ્વી ઉપર દિવ્ય જીવનની શરૂઆત

જે રીતે પ્રકૃતિએ પદાર્થતત્ત્વમાંથી ઉત્ક્રાંતિ કરીને પ્રાણનો આવિર્ભાવ કર્યો છે, પ્રાણથી આગળ જઈ મનનો આવિર્ભાવ કર્યો છે, તે જ રીતે તેણે મનની પણ આગળ આવિર્ભાવ કરીને એક ચેતના તથા આપણા અસ્તિત્વની એક એવી શક્તિનો આવિર્ભાવ કરવો જોઈએ જે આપણા મનોમય અસ્તિત્વની અપૂર્ણતાઓ અને મર્યાદાઓથી મુક્ત હોય; એક એવી અતિમાનસ અથવા ઋત — ચેતનાનો આવિર્ભાવ કરવો જોઈએ કે જે આત્માની શક્તિ અને પૂર્ણતાને વિકસાવી શકે. સૌ પ્રથમ, એક મનોમય પરિવર્તન, આત્મા દ્વારા પ્રકૃતિનું નિયમન, મનનું પ્રકાશમાં રૂપાંતર કે પછી જીવનશક્તિનું શુદ્ધતા અને દૈવી શક્તિમાં રૂપાંતર દ્વારા એ વસ્તુ બની આવી શકે, આ રીતે કદાચ પ્રશ્નનું નિરાકરણ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે, માત્ર માનુષી પદ્ધતિઓથી ઉપર ઊઠીને પૃથ્વી પર જેને દિવ્ય જીવન કહી શકાય તેની સ્થાપના, અતિમનુષ્યત્વનો પ્રથમ નકશો તૈયાર કરવામાં આવે, પૃથ્વીની પ્રકૃતિના સંજોગોમાં અતિમનસ જીવન ધારણ કરવામાં આવે એમ પણ બની શકે. પરંતુ આ જરૂરી એવું સંપૂર્ણ તથા આમૂલ પરિવર્તન ન હોઈ શકે; એ સંપૂર્ણ રૂપાંતર નહિ હોય — દિવ્ય દેહમાં દિવ્ય જીવનની પૂર્ણતા નહિ હોય. એવું પણ બને કે રૂપાંતર તબક્કાવાર બની આવે... એવી પણ કલ્પના કરવાની નથી કે સમગ્ર માનવજાતિ એકી સાથે અતિમનસમાં આરોહણ કરી જશે. શરૂમાં તો આ આરોહણના ઉચ્ચતમ અથવા વચગાળાના બિંદુ સુધી એવા લોકો પહોંચશે જેમને તેમની આંતર ઉત્ક્રાંતિએ આવા મહાન રૂપાંતર માટે લાયક બનાવ્યા હશે અથવા પ્રભુના સીધા સંપર્ક દ્વારા જેઓ તેના પૂર્ણ પ્રકાશ અને  શક્તિ તથા આનંદ સુધી આરોહિત કરવામાં આવ્યા હશે. મોટાભાગનાં માનવપ્રાણીઓ તો લાંબા સમય સુધી સામાન્ય અથવા કેવળ એક અંશતઃ પ્રકાશિત અથવા ઊર્ધ્વગત માનવપ્રકૃતિથી જ સંતોષ પામે એમ બની શકે છે. પરંતુ થાય તો પણ એ એક પૂરતા પ્રમાણમાં પાયાનો ફેરફાર અને પૃથ્વીની પ્રકૃતિના પ્રાથમિક રૂપાંતરની શરૂઆત થઈ ગઈ ગણાય; કારણ કે જે કોઈ લોકોમાં આરોહણ કરવાનો સંકલ્પ હશે તેમને માટે તો માર્ગ ખુલ્લો થઈ જશે. ઋત—ચેતનાની અતિમાનસ અસર પાર્થિવ જીવનને સ્પર્શ કરશે અને એના રૂપાંતર નહિ પામેલા પદાર્થની ઉપર પણ પ્રભાવ નાખશે અને પરિણામે અત્યારે જે વસ્તુની બાબતમાં થોડા લોકો જ ભાગ લઈ શકે છે કે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે તે છેવટે સર્વને પ્રાપ્ત થાય તે માટેની આશા અને વચન સર્વને માટે ઉપલબ્ધ થઈ શકશે.

શ્રી અરવિન્દ

(SABCL Vol. 16 : PP. 20-21)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૩)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૨૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.